Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

जैनो संघश्चतुर्धा भवतु विविधसद्ज्ञानसंपद्विलासी
श्रेयः सामाजिकं यद्विलसतु सततं तत्र पूर्णप्रभावि ।
भक्ति श्रीमद्गुरूणां प्रसरतु हृदये भावपूर्णप्रकाशा
'आत्मानन्द प्रकाशं' ह्यभिलषति सदा मासिकं चेतसीति ॥१॥

पु. १६. } वीर सं. २४४५–पोस. आत्म सं. २३ } अंक ६ मो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ટ. | નંબર. | વિષય. | પૃષ્ટ |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રભુ સ્તુતિ.... ... ... ... | ૧૩૫ | ૭ | સ્વાશ્રયી બનો. ... .. | ૧૪૪ |
| ૨ | પરપૂજ્ય ઉપાધ્યાયજી વીરવિજયજી. | ૧૩૬ | ૮ | આરોગ્ય સંરક્ષણ. ... ... | ૧૫૦ |
| ૩ | લોભાદિકષાયત્યાગવિષે ઉપદેશવચન. | ૧૩૬ | ૯ | એક ખુલાસો... ... ... | ૧૫૨ |
| ૪ | કેટલાક પ્રસ્તાવિક શ્લોકો ... ... | ૧૩૭ | ૧૦ | વર્તમાન સમાચાર તથા સ્વર્ગવાસ. ... ... ... | ૧૫૮ |
| ૫ | સાધુ–નિગ્રંથ યોગ્ય ચરણ સિત્તરી અને કરણ સિત્તરી... ... ... | ૧૩૯ | ૧૧ | ગ્રંથાવલોકન... ... .. | ૧૬૦ |
| ૬ | શ્રી ગૌતમ કુલક–સુવર્ણ વાકયો. ... | ૧૪૦ | ૧૨ | પુસ્તક પહોંચ.. ... ... | ૧૬૨ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નીચેના ગ્રંથો છપાવવા માટે ( ભાષાંતર ) તૈયાર થાય છે.

**( પ્રસિદ્ધ કરવા માટે—જ્ઞાનોદ્ધારના કાર્યના ઉત્તેજન માટે સહાયની અપેક્ષા છે. )**

૧. **શ્રી દાનપ્રદીપ** ( મહોપાધ્યાય શ્રી ચારિત્રગણી કૃત ) દાનગુણનું સ્વરૂપ ( અનેક કથાઓ સહિત ) જણાવનાર.

૨. **શ્રી મહાવીરચરિત્ર** ( શ્રી નેમીચંદ્ર સૂરિ કૃત ) આ ગ્રંથ ઘણો પ્રાચીન છે બારમા સૈકામાં તે લખાયેલ છે. પાટણના ભંડારની તાડપત્રની પ્રત ઉપરથી અમોએ મૂલ છપાવેલ છે. અપૂર્વ ચરિત્ર છે.

૩. **શ્રી વિમલનાથ ચરિત્ર** ( શ્રી જ્ઞાનસાગરસૂરિ કૃત ) અપૂર્વ ચરિત્ર.

૪. **શ્રી ઉપદેશ સપ્તતિકા** ( શ્રી સોમધર્મગણિ વિરચિત )

૫. **શ્રી ધર્મદેશના** ( અપૂર્વ કથાનક ગ્રંથ )

૬. **સંબોધ સપ્તતિ** શ્રી રત્નશેખરસૂરિ વિરચિત અનેક ધર્મની હકીકતો જણાવનારો ગ્રંથ.

ઉપરના ગ્રંથો રસિક બોધદાયક અને ખાસ પઠન પાઠન કરવામાં ઉપયોગી છે. તેટલુંજ નહિ પરંતુ વાચકોને આનંદ સાથે ધર્મનું જ્ઞાન પ્રાપ્ત થાય તેવા છે. દરેક ગ્રંથોનું ગુજરાતી ભાષાંતર તૈયાર થાય છે. દ્રવ્ય સહાયની અપેક્ષા ( જરૂર ) છે. જ્ઞાનોદ્ધાર કરવાના ઉત્સાહી બંધુઓએ આવા જ્ઞાનોદ્ધારના કાર્યને સહાય આપી મળેલ લક્ષ્મીને સાર્થક કરવાનું છે. વર્તમાન સમયમાં ધર્મના આવા સારા સારા ગ્રંથો પ્રસિદ્ધ કરી કરાવી ધર્મનો ફેલાવો તે વડે કરવાની આ અમૂલ્ય તક છે. વળી બ્હોળા પ્રમાણમાં મુનિમહારાજાઓ, સાધ્વી મહારાજ અને જ્ઞાન ભંડાર વિગેરેને ( વગર કિંમતે ) ભેટ અપાય છે. સહાય આપનારને તે લાભ સાથે તેનો જે નફો આવે તે તેવાજ જ્ઞાનખાતામાં ઉપયોગ થાય છે જેથી લાભ લેવા જેવું છે.

---

## તાકીદે જોઇએ છીએ.

શ્રી કરાંચીના જૈન દેરાસર માટે સારો અનુભવી અને વિશ્વાસ પાત્ર પૂજારી અને એક શ્રી પાઠશાળા માટે શિક્ષક ધાર્મિક, વ્યવહારિક અને સંગીતનું જ્ઞાન ઉપર અનુભવ–પગાર વિગેરે સંબંધી નીચેને સીરનામે લખો—

ઓનરરી–સેક્રેટરી.
શ્રીકરાંચી જૈન શ્વેતામ્બર મૂર્તિ પૂજક પાઠશાળા.
રણછોડ લાઈન્સ—કરાંચી.

---

## આ માસમાં દાખલ થયેલા માનવંતા સભાસદો.

૧ શ્રી રાંધનપુર યુવકોદયમંડલ રે. રાંધનપુર. બીજા, વ. લાઈફ મેમ્બર.

૨ શાહ ચિમનલાલ નાથાભાઇ રે. રાંદેર પે૦ વ૦ વાર્ષીક મેમ્મર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


श्री

# આત્માનન્દ પ્રકાશ.

इहहि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थ परिज्ञानेयत्नो विधेयः॥

पुस्तक १६ ] वीर संवत् २४४५, पोष. आत्म संवत् २३. [ अंक ६ ठो.


## प्रभु स्तुति.

( શાર્દુલ વિક્રીડિત )

જેનાં દર્શન માત્રથી મનુજના, નાશે દુરિતો દૂરે,
જેનું વંદન ભાવયુક્ત કરતાં વંચ્છિત સર્વે ફળે;
જેનાં પૂજન ધ્યાનથી ભવિકને સંપત્તિ ભેટે સદા,
એવા કલ્પતરૂ સમાન પ્રભુની મૂર્તિ થજો સુખદા.

V. M. SHAH.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પરમ પૂજ્ય ઉપાધ્યાયજી વીરવિજયજી.

( રાગ-સવૈયા )

પરમાત્મા પ્રત્યે પ્રીત કરવા, આપ હૃદયમાં વિચારી,
રણક્ષેત્રમાં શસ્ત્રરૂપી જે, ધર્મ શૌર્ય ધીરતા ધારી;
મદ મમતા તજી સદ્દગુણ સજીને, ક્રોધાદિ શત્રુ વારી,
પૂદગલ પોટો ખોટો જાણી, જીન ભક્તિ અંતર ધારી. (૧)
જયકાર કરાવ્યો જગમાં ભારી, શુભ વર્તન અંતર ધારી,
ઉપકારી બની ધર્મ સુકૃત્યો, કરવા શીખ દીધી સારી;
પાળી પંચ મહાવ્રત આદિ, શાસન શોભા શણગારી,
ધ્યાન ધર્યું જિનભક્તિ તણું, જે ધૈર્ય ધરી ધીરતા ધારી. (૨)
યતિ પતિ શાસન રક્ષક બની, જગમાં વરતાવ્યો જયકારી,
જીત્યા મોહરીપુ મમતા તજી, સત્યાદિ સદ્દગુણ ધારી;
વીરલા થઇને વીજય વાવટો, ફરકાવ્યો જગમાં ભારી,
રવી તેજની તુલ્ય જ ઝળકયા, ચંદ્ર તેજ શીત ધીર ધારી. (૩)
વિશ્વ વિષે વિખ્યાતા થઇને, આપ બન્યા જે ઉપકારી,
જગમાં જશ કીર્તિ વિસ્તારી, જ્ઞાન દાનના દાતારી;
યથા કાળ જે ધર્મ સુકૃત્યો, કર્યાં આત્મને હીતકારી,
જીનવર ભક્તિ શીવ પદ પ્રીતિ, સિદ્ધ થવાને સુખકારી. (૪)

અમરચંદ જેઠાભાઇ.
પાલીતાણા.

# લોભાદિ કષાય ત્યાગ વિષે ઉપદેશ વચન.

લેખક—રા. રા. છગનલાલ ત્રિભુવનદાસ દવે ભાવનગર.

( કામણ દિસે છે અલબેલા તારી આંખમાં રે—એ રાગ )

હે જીવ સાવધ થઇ વપુનાવ ભવે તું ચલાવજે રે,
ક્રોધાવર્ત વિષે પડતું તું ત્હેને રાખજે રે........ હે જીવ.
ઇર્ષ્યા ઉર્મિ બહુ ઉછળશે, નાવ ઉંચું નીચું તુજ કરશે,
ધૈર્ય રાખીને બળ તું ત્હેનું ખાળજે રે....... હે જીવ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોભ ખડક મધ્યે મોટો છે, નાવ ઘણાં ત્યાં ભાંગી પડે છે,
સન્તોષાસ્રથી ચૂર્ણ કરી તું આલજે રે........ હે જીવ.
મોહવાયુ તોફાની વાશે, નાવ માર્ગથી દૂર ઘસડાશે,
માટે દૃઢ ભક્તિનો સઢ તું સાધજે રે........ હે જીવ.
ભીષણ મદમત્સર નક્રો બે, નાવ ઘણાંએ ગળી ગયા છે,
સદ્‌વિદ્યા ભાલાથી ત્હેને મારજે રે........ હે જીવ.
આશાવનિતા ત્યાંહિ વસે છે, અતિ મનહર દૂરથી દીસે છે,
પણ ત્યાં જાતાં નાવ જરૂર તળીએ જશે રે........ હે જીવ.
વિષય ચાંચીઆ બહુ ભટકે છે, નાવ ઘણાં તે લુંટી લે છે,
ઇષ્ટ સ્મરણ ખડગેથી ત્હેને મારજે રે....... હે જીવ.
ગર્વરાજને દૂરથી નમજે, સંગ થતાં તે તુજને હણશે,
દંભસચિવ છે ત્હેનો તે ન વિસારજે રે........ હે જીવ.
સજ્જન વાસ રૂડાં બંદર જે, ત્યાં તુજ વાસ સુખે લાંગરજે
જ્ઞાનમાલ વ્હોરી નિજ ધામે પ્હોંચજે રે....... હે જીવ.

---

# કેટલાક પ્રાસ્તાવિક શ્લોકો.

## પદ્માત્મક ભાષાંતર સહિત.

( ગતાંક પૃષ્ટ ૧૦૭ થી ચાલુ )

લે૦ રા. રા. કુબેરલાલ અંબાશંકર ત્રિવેદી ભાવનગર.

उदयति यदि भानुः पश्चिमे दिग्विभागे
प्रचलति यदि हैमः शीततां याति वह्निः !
विकसति यदि पद्मं पर्वतानां शिखाग्रे
न चलति खलु वाक्यं सज्जनानां कदाचित् ॥

( માલિની. )

ઉદય કદિક થાયે, ભાનુ પશ્ચિમ ભાગે,
જલનિધિ પણ, ભાઇ ! આત્મમર્યાદ ત્યાગે;
પરવતપર પદ્મોના કદિ ઝુંડ થાય,
પણ સુજન ફરેના બોલ બોલી જરાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કદિક રવિ શશીનો ભૂતલે વાસ થાય,
કદિક પૃથિવીને આકાશ ભેળાઇ જાય;
કદિક શિતલતાનો અગ્નિમાં ભાસ થાય,
પણ સુજ ન ફરે ના બોલ બોલી જરાય.

प्राणाघातान्निवृत्तिः परधनहरणे संयमः सत्यवाक्यम्
काले शक्त्या प्रदानं युवतिजनकथामूकभावः परेषाम् ।
तृष्णास्रोतोविभङ्गो गुरुषु च विनयः सर्वभूतानुकम्पा
सामान्यः सर्व शास्त्रेष्वनुपहतविधिः श्रेयसामेष पन्थाः ॥

( સ્ત્રગ્ધરા. )

હિંસાથી દૂર રહેવું પરધન તજવું બોલવી સત્ય વાણી,
અન્ય સ્ત્રીમાં અબોલા પ્રતિદિન કરવું દાન શકિત પ્રમાણી;
તૃષ્ણાનો રોધ નિત્યે વિનય વડીલમાં ને દયા પ્રાણીમાત્રે,
કીધો સામાન્ય રસ્તો અનુમત થઈ આ શ્રેયનો સર્વ શાસ્ત્રે.

सीदन्ति सन्तो विलसन्त्यसन्तः
दाता दरिद्रः कृपणो धनाढ्यः ।
अन्येषु मैत्री स्वजनेषु वैरम्
पश्यन्तु लोकाः कलि कौतुकानि ॥

( ઉપજાતિ. )

સંતો દુઃખી દુષ્ટ સુખી જણાતા,
લાખોપતિ લોભી દરિદ્ર દાતા;
શત્રુ સગા અન્ય મનુષ્ય મિત્ર,
જુઓ ! કલિકૌતુક આ વિચિત્ર.

असज्जनः सज्जनसंग योगात्
करोति दुःसाध्यमपीह साध्यम् ।
पुष्पाश्रयाच्छंभुशिरोऽधिरूढा
पिपीलिका चुम्बति चन्द्रबिम्बम् ॥

( હરિગીત. )

દુર્બલ જનો આ જગતમાં સજ્જન તણી સંગતિ થકી,
સાધી શકે છે પલકમાં દુઃસાધ્ય વસ્તુ પણ નકી;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કીડી કરીને કુસુમનો આશ્રય ચડે શિવશિર પરે,
પ્રેમે પછી તે ત્યાં રહેલા ચંદ્રનું ચુંબન કરે.

वलिभिर्मुखमाक्रान्तं पलितैरङ्कितं शिरः ।
गात्राणि शिथिलायन्ते तृष्णैका तरुणायते ॥

( દોહરો. )

શ્વેત થયા શિરકેશ ને, જીર્ણ થયું સહુ અંગ;
ડાચાં છેક મળી ગયાં,-તૃષ્ણા થઇ નવરંગ.

—:( ચાલુ. ):—

## સાધુ-નિગ્રંથ યોગ્ય ચરણ સિત્તરી અને કરણ સિત્તરી.

પાંચ મહાવ્રત-અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય તથા અસંગતા; દશ વિધશ્રમણ ધર્મ-ક્ષમા, મૃદુતા, સરલતા, સંતોષ, તપ, સંયમ, સત્ય, શૌચ, ( આંતર શુદ્ધિ ) અપરિગ્રહ અને બ્રહ્મચર્ય; સપ્તદશ વિધ સંયમ-[૫]ઇન્દ્રિય સંયમ, [૪]કષાય સંયમ, [૩]યોગ સંયમ, અને [૫]અવ્રત સંયમ, અરિહંતાદિક સંબંધી દશ વિધ વિનય વૈયાવચ; નવવિધ બ્રહ્મગુપ્તિઓ-બ્રહ્મચર્યની નવવાડો; જ્ઞાનદિક ત્રિક-સમ્યગ દર્શન જ્ઞાન અને ચારિત્ર; ૬ બાહ્ય અને [૬]અભ્યંતર દ્વાદશ વિધ તપ અને ક્રોધાદિક ચાર કષાયનો નિગ્રહ એ ચરણ [૭૦]સિત્તરી. તથા

ચાર પ્રકારની પિંડ વિશુદ્ધિ; પાંચ સમિતિ; અનિત્ય ત્વાદિક [૧૨]દ્વાદશ ભાવના; સાધુ યોગ્ય [૧૨]દ્વાદશ પડિમા; શ્રોત્રાદિક પાંચ ઇન્દ્રિય નિરોધ; પંચ વિશંતિ [૨૫]પ્રતિલેખના-૨૫ પડિલેહણા; ત્રણ ગુપ્તિઓઅને દ્રવ્ય ક્ષેત્રકાળ તથા ભાવરૂપ ચાર પ્રકારના અભિગ્રહ એ રીતે ૭૦ ભેદ કરણ સિત્તરીના જાણવા. મૂળ ગુણ વિષયક ચરણ સિત્તરી તથા ઉત્તર ગુણ વિષયક કરણ સિત્તરી જાણવી. આટલી વાત સંક્ષેપ રૂચિને માટે જણાવી છે. બાકી વિસ્તાર અર્થીજનો એ ગ્રંથાતરથી યા ગુરૂગમથી તે સંબંધી બોધ મેળવવો અને આત્માર્થીએ બની શકે તેટલું તેને અનુસરવા લક્ષ રાખવું. ઇતિશમ્.

લે૦ મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી ગૌતમ કુલક–સુવર્ણ વાક્યો.

( સંક્ષેપ રૂચિ જીવોને બોધ લેવા લાયક શિક્ષા વચનોનો સંગ્રહ ).

૧ લોભી જનો અર્થ–દ્રવ્ય ઉપાર્જન કરવામાંજ (સદા) લુબ્ધ–તત્પર રહે છે.

૨ મૂઢ–અજ્ઞાન–મોહાકુળજનો કામભોગ સેવવામાંજ મગ્ન રહે છે.

૩ પંડિત–ચતુર–વિવેકી જનો ક્ષમા–ધર્મ સાચવવા અને વેર–વિરોધને સમાવી સુખશાંતિમાંજ તત્પર હોય છે.

૪ અને મિશ્ર જનો ધર્મ, અર્થ અને કામ એ ત્રણેનું યથાયોગ્ય સેવન કરે છે.

૫ જ્ઞાની–વિવેકી તેજ કે જે વૈર–વિરોધ–કલેશ–કુસંપ–ઈર્ષ્યા–અદેખાઇથી દૂર રહે છે.

૬ સંત–સુસાધુ તેજ કે જે શાસ્ત્ર–મર્યાદા ( દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ )ને અનુસરી ચાલે.

૭ સત્ત્વ–શક્તિવંત તેજ કે જે સ્વ ઉચિત કર્ત્તવ્ય ધર્મ ( Duty ) થી ન ચૂકે. અને

૮ ખરા નિઃસ્વાર્થ બંધુ તેજ કે જે કષ્ટ વખતે પડખે ઉભા રહીને સહાય કરે.

૯ ક્રોધ–કષાયથી અંધ બની ગયેલા જીવો સુખ–શાન્તિ મેળવી શકે નહિ.

૧૦ મિથ્યાભિમાનને વશ થયેલા જીવો અંતે શોક–સંતાપનેજ પામે.

૧૧ કપટી માણસોને પારકી તાબેદારી, ઓશીયાળી યા ખુશામત કરવી પડે.

૧૨ અતિ લોભી અને લાલચુ જીવો ( કમોતે મરી ) નીચી–નરકગતિમાં જાય.

૧૩ ક્રોધ-કષાય જીવને ભવોભવાંસંતાપે તેથી એજ ઉગ્ર-હલાહલ વિષ છે.

૧૪ ભવ્યાત્માને ભવોભવમાં સુખશાન્તિ કરે તેથી અહિંસા (દયા) ખરૂં અમૃતછે.

૧૫ કટ્ટો દુશ્મન દુઃખ આપી ન શકે એવું દુઃખ આપે તેથી અભિમાનજ ખરો શત્રુ છે.

૧૬ ગમે તેવા સંકટમાંથી છોડાવી સુખ સાથે ભેટાડે તેથી ઉદ્યમજ ખરો મિત્ર છે.

૧૭ માયા જાળમાં પડવું, પરવંચના કરવી એથીજ દુર્ગતિનો ભય. ખાડો ખોદે તેજ પડે.

૧૮ પ્રિય અને હિતરૂપ થાય એવુંજ સત્ય, સ્વપર કલ્યાણાર્થીએ સદાય સેવવા યોગ્ય છે.

૧૯ સઘળાં દુઃખ, લોભમાંથીજ પેદા થતા હોવાથી લોભ–તૃષ્ણાનેજ દુઃખ રૂપ કહેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૦ સકળ સુખ, સંતોષમાંથીજ, પેદા થતા હોવાથી, સંતોષનેજ, સુખ રૂપ કહેલ છે.

૨૧ સૌમ્ય શાન્ત પ્રકૃતિવાળા સુવિનીત (સદ્દગુરૂને હરેક રીતે પ્રસન્ન કરનાર) શિષ્યને બહુ સારી બુદ્ધિ ઉપજે છે.

૨૨ ક્રોધી, કષાયી અને દુરાચારી સ્રી પુરૂષનો અપજશ ચોતરફ ફેલાય છે.

૨૩ નિરાશાવાદી-હતાશ-નિરૂદ્યમી જીવને નિર્ધનતા ભેટી પડે છે. અને

૨૪ સદુદ્યમી-પુરૂષાર્થવંત જીવને દ્રવ્ય અને ભાવ લક્ષ્મી વરે છે-તે ધનાઢ્ય થાય છે, એટલુંજ નહિ પણ સદ્દગુણી બને છે, અને પોતાના સમાગમમાં આવતા અનેક ભવ્યાત્માઓને દ્રવ્યભાવથી સુખી બનાવી શકે છે.

૨૫ જે કૃતઘ્ન-વિશ્વાસઘાતી હોય તેને મિત્રો તજી જાય છે.

૨૬ અપ્રમત્ત ઋષિરાયને સઘળાં પાપ તજી જાય છે.

૨૭ શુષ્ક-જળ વગરનાં સરોવરોને હંસો તજી જાય છે તેમ—

૨૮ કુપિત-રોષથી ભરાયેલ જીવને બુદ્ધિ તજી જાય છે.

૨૯ કોઈને અરૂચતી-અણગમતી વાત કહેવી તે વિલાપ તુલ્ય છે.

૩૦ પ્રમાણ-આધાર કે મેળ વગરની ઉધડક વાત કરવી તે પણ વિલાપ તુલ્ય છે.

૩૧ મન મુકામે ન હોય એવા વિહ્વળ વ્યાક્ષિપ્તને વાત કરવી તે પણ વિલાપ તુલ્ય છે.

૩૨ તેમજ અવિનીત અથવા દુર્વિનીત શિષ્યને ગમે તેટલું કહેવું-સમજાવવું તે પણ તદન નિરર્થક-નકામું અને કવચિત્ અનર્થક હોવાથી વિલાપ તુલ્ય છે.

૩૩ દુષ્ટ જુલમી નાયકો (રાજાઓ કે અધિકારીઓ) પ્રજાને અયોગ્ય રીતે દંડવા તત્પર રહે છે.

૩૪ વિદ્યાધરો મંત્ર સાધવામાં તત્પર રહે છે.

૩૫ મૂર્ખ-અજ્ઞાની જનો ક્રોધ-કષાય કરવા તત્પર રહે છે પણ

૩૬ સંત-સાધુજનો તત્ત્વ-પરમાર્થ સાધવામાંજ તત્પર રહે છે.

૩૭ ક્ષમા-સમતા-અકષાય, એ ઉગ્રતપની શોભા છે. (ક્ષમા વડેજ તપ શોભેછે.)

૩૮ સમાધિ જોગ-સ્થિર મન વચન અને કાય યોગ, એ વૈરાગ્યની શોભા છે.

૩૯ નિર્મળ જ્ઞાન અને ધ્યાન એ ચારિત્રની શોભા છે. (તે વડેજ ચારિત્ર શોભેછે.)

૪૦ વિનય-નમ્રતા-મૃદુતા એ શિષ્યની શોભા છે (વિનય વડેજ શિષ્ય શોભે છે.)

૪૧ બ્રહ્મચારીને અન્ય આભુષણની જરૂર નથી, બ્રહ્મચર્ય રૂપ ભુષણ વડેજ તે શોભે છે.

૪૨ સંયમ ધારીને દ્રવ્યની કશી જરૂરજ નથી, સંયમ એજ તેનું પરમ ધનછે.

૪૩ રાજમંત્રી બુદ્ધિ બળ વડેજ શોભે છે (અભયકુમાર મંત્રીશ્વરની પેરે)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪૪ પુરૂષ એકજ સ્ત્રી વાળો છતાં, લજ્જા યુક્ત હોય તોજ શોભે છે. લાજ મર્યાદાજ શોભા રૂપ છે.

૪૫ જેનું ચિત્ત અનવસ્થિત-ડામાડોલ રહેતું હોય તેને તેનો આત્મજ શત્રુરૂપ છે.

૪૬ શીલ-સદાચાર જેમના ઉમદા છે તેમનો સર્વત્ર યશ પ્રસરે છે.

૪૭ જેનું મન સ્થિર થતુંજ નથી-ભટકતુંજ રહે છે તે દુરાત્મા લેખાય છે.

૪૮ જેણે મન અને ઇન્દ્રિયોને વશ કરેલ છે, તેજ પવિત્ર આત્મા શરણ કરવા યોગ્ય છે, સ્વ શરણે આવેલાને તે પવિત્ર આત્માજ રક્ષવા સમર્થ થઇ શકે છે.

૪૯ ડહાપણ ભરી દયારૂપ ધર્મ કાર્ય જેવું બીજું કોઇ ઉત્તમ કાર્ય નથી.

૫૦ સ્વાર્થ અંધબની જીવહિંસા કરવી તેના જેવું બીજું કંઇ અપકૃત્ય નથી.

૫૧ કામરાગ, સ્નેહરાગ અને દ્રષ્ટિરાગ સમાન કોઇ આકરૂં બંધન નથી.

૫૨ વીતરાગ શાસન ઉપર પૂર્ણ આકીનરૂપ સમકિત રત્નના લાભ સમાન કોઇ ઉત્તમ લાભ નથી. અથવા રત્નત્રયીરૂપ ધર્મપ્રાપ્તિ જેવો બીજો પરમ લાભ નથી.

૫૩ પરસ્ત્રીમાં માતા જેવી બુદ્ધિ સ્થાપી રાખી, તેની સાથે વિષયભોગ કદાપિ કરવો નહિ.

૫૪ ડાહ્યો દુશ્મન સારો, પણ મૂર્ખ મિત્ર સારો નહિ, એમ સમજી મૂર્ખની સોબત કરવી નહિ.

૫૫ મિથ્યાભિમાન-ગર્વ-ગુમાન રાખનારા હલકા માણસ નીચજનોની સોબત કરવી નહિ. તેમજ—

૫૬ પારકા કાન ભંભેરનારા ચાડીયા લોકોની પણ સોબત કરવી નહિ.

૫૭ ક્ષમાદિક ધર્મને સેવનારા સજ્જનોની સોબત-સંગતિ જરૂર કરવી.

૫૮ જે વસ્તુ સ્વરૂપને જાણનારા પંડિત હોય તેમને જરૂર શંકા-સમાધાન પૂછવું.

૫૯ જે, આત્મસાધન કરવા ઉજમાળ સાધુજનો હોય તેમને આદર સહિત વંદન અવશ્ય કરવું.

૬૦ જે પરસ્પૃહા-મમતા રહિત મહાત્મા હોય તેમને યથોચિત આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર, ઔષધ ભેષજ વિગેરે વસ્તુ અવશ્ય વહોરાવવી.

૬૧ માબાપ જેમ પુત્રને કેળવે તેમ ગુરૂએ સ્વશિષ્યોને ખંતથી કેળવવા જોઇએ.

૬૨ આત્માર્થી ભક્તજનોએ ઇષ્ટદેવ અને ગુરૂ ઉપર સરખો પ્રેમ રાખવો જોઇએ.

૬૩ અજ્ઞાન અને અવિવેક હોવાથી મૂર્ખ અને પશુને સરખા સમજવા જોઇએ.

૬૪ પગલે પગલે દુઃખ અને અપમાનાદિક સહન કરવાના હોવાથી નિર્ધનને જીવતાં છતાં મરણ જેવું દુઃખ લાગે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬૫ ધર્મકળા બીજી બધી કળાઓને જીતી લે છે.

૬૬ ધર્મકથા બીજી બધી કથાઓને જીતી લે છે–બધી કથામાં ધર્મકથા સર્વોપરી છે.

૬૭ ધર્મબળ બીજા બધાં બળને જીતી લે છે. બધાં બળ કરતાં ધર્મબળ શિરોમણિ છે

૬૮ ધર્મ ( ક્ષમા અને સંતોષાદિક ) થી પેદા થતું સુખ બીજાં બધાં સુખથી ચઢીયાતું છે.

૬૯ જૂગાર રમવામાં આસક્ત હોય તેના ધનનો નાશ થાય છે (નળરાજાની પેરે)

૭૦ માંસ ભક્ષણ કરવામાં લોલુપી હોય તેના દયા–કરૂણાદિક ધર્મનો નાશ થાય છે.

૭૧ મદિરાપાન ( દારૂ પીવા ) નું વ્યસન સેવનારની યશ–કીર્તિનો નાશ થાય છે. અને–

૭૨ વેશ્યાના ફંદમાં ફસેલા કમનશીબના કુળનો નાશ થવા પામે છે

૭૩ હિંસા–શિકાર કરવામાં લુબ્ધ બનેલા કમનશીબના દાન પુન્યનો નાશ થાય છે.

૭૪ ચોરી કરવાના વ્યસનમાં સપડાયેલ કમનશીબના શરીરનો નાશ થાય છે. તથા–

૭૫ પરસ્ત્રીમાં લુબ્ધ બનેલા મૂઢની સર્વ વસ્તુનો નાશ થાય છે અને અધમગતિ પ્રાપ્ત થાય છે. ( રાજારાવણની પેરે ).

૭૬ નિર્ધનને સુપાત્રમાં દાન દેવાનો પ્રસંગ મળવો બહુ મુશ્કેલ છે.

૭૭ રાજા–નાયક–અધિકારી અવસ્થામાં ક્ષમા–ખામોશ રાખવી બહુ મુશ્કેલ દુષ્કર છે.

૭૮ સુખમાં ટેવાયેલા સુખશીલને ઇચ્છા નિરોધ કરવો–મનને કાબુમાં રાખવું દુષ્કર છે.

૭૯ અને યુવાવસ્થામાં ઇન્દ્રિયોને લગામમાં રાખવી તે પણ બહુ દુષ્કર ( છતાં શક્ય ) છે.

૮૦ સંસારી જીવમાત્રનું જીવિત અમુક અવધિ–સ્થિતિવાળું જ હોવાથી તે અંત પામે છેજ.

૮૧ ( એમ સમજી ) સુજ્ઞજનોએ, કેવળ પરમાર્થ સાધનારા સાધુ પુરૂષોએ ઉપદેશેલો ધર્મ અવશ્ય અનુસરવો.

૮૨ ક્ષમા–દયાદિક ધર્મજ જીવને સર્વત્ર ત્રાણ શરણ અને આધારરૂપ છે. એ ઉત્તમ ધર્મનેજ સેવી–તેનું સંસેવન કરી ખરૂં શાશ્વત સુખ મેળવી શકાય છે.

લે૦–મુનિરાજશ્રી કર્પૂરવિજયજીમહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વાશ્રયી બનો.

( અનુસંધાન ગતાંક પૃષ્ટ ૧૧૧ થી )

લે—વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ બી. એ.

આત્મ-શ્રદ્ધા માનસિક સૈન્યનો નેપોલીયન છે. તેને લઇને અન્ય સર્વ શક્તિઓમાં દ્વિગુણ અથવા ત્રિગુણ વધારો થાય છે. જ્યાં સુધી આત્મ-શ્રદ્ધારૂપી સેનાધિપતિ મોખરે ચાલતો નથી ત્યાં સુધી સઘળું સૈન્ય રાહ જોઇને બેસી રહે છે. આત્મ-બળમાં શ્રદ્ધા નષ્ટ થયા પછી સરતમાં દોડનાર અશ્વ પણ વિજયી નીવડી શકતો નથી, તો મનુષ્યને માટે તો કહેવુંજ શું ? આત્મશ્રદ્ધામાંથી ઉદ્ભૂત થયેલી હિંમત એક પ્રકારનું પ્રોત્સાહન છે, જેનાં બળે અવશિષ્ટ રહેલ સત્વનું પ્રકટીકરણ થાય છે. અનેક મનુષ્યો સ્વકાર્યમાં નિષ્ફળ નીવડે છે તેનું કારણ એ છે કે તેઓ ગમે તે ભોગે વિજયવંત થવાના નિશ્ચયપૂર્વક અંગીકૃત કાર્યમાં પોતાના ચિત્તને લગાડતા નથી તેઓને પોતાની જાતમાં તે ઉચ્ચ પ્રકારની શ્રદ્ધા નથી હોતી, કે જે શ્રદ્ધા માર્ગમાં નડતી સઘળી મુશ્કેલીઓનો ધ્વંસ કરે છે.

સ્વીકૃત કાર્ય કરવાની તમારી શક્તિવિષે જો તમને શંકા હોય, જો તમે એમ ધારતા હો કે તમારા કરતાં અન્ય લોકો તે કાર્ય કરવાને વિશેષ લાયકાત ધરાવે છે, તમારી જાતને પ્રકાશમાં લાવવાના અનેક પ્રસંગોનો લાભ લેવાનો જો તમને ભય હોય, જો તમારો સ્વભાવ બ્હીકણ હોય, જો તમારા શબ્દકોષમાં નકારનું પ્રાધાન્ય હોય, જો તમે ધારતા હો કે તમારામાં પ્રોત્સાહનનો અને શક્તિનો અભાવ છે, તો જ્યાં સુધી તમે તમારી મનોવૃત્તિ બદલશો નહિ અને સ્વશક્તિમાં મહાન શ્રદ્ધા રાખતા શીખશો નહિ ત્યાં સુધી તમે કોઇ પણ મહાન કાર્ય કરવામાં કદાપિ વિજયવંત નીવડશો નહિ એ વાતમાં કશો સંદેહ નથી. ભય, શંકા અને કાયરતાનો તમારા મનમાંથી સદંતર બહિષ્કાર થવો જોઇએ.

કોઇ પણ કાર્યનો આરંભ વિચારમાંજ થવો જોઇએ. જે કાર્ય આપણે કરવા ઇચ્છીએ છીએ તેનો દૃઢ વિચાર એ એક મહાન પ્રથમ પગથીયું છે. જે કાર્ય વિષે અચોક્કસ વિચારો બંધાયા હોય છે તેનું પરિણામ પણ તેવુંજ આવે છે. જગતના મહાન કાર્યોની શરૂઆત આશા, ઇચ્છા અને વિચારોમાંજ થઇ છે. પ્રબળ ઇચ્છા હિંમતને ટકાવી રાખે છે, અને ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થાય નહિ ત્યાં સુધી આત્મભોગને વિશેષ સુગમ બનાવે છે. આપણને આપણાં જીવનમાંથી જે કંઇ ઉપલબ્ધ થાય છે તેનું માપ શ્રદ્ધાથીજ થઇ શકે છે. નિર્બળ શ્રદ્ધાવાન મનુષ્યને અત્યલ્પ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળે છે અને પ્રબળ શ્રદ્ધાવાનને એથી અધિકગુણ મળે છે. ઘણાખરા સ્વાશ્રયી મનુષ્યોના અદ્દભુત કૃત્યોનું આપણે પૃથક્કરણ કરીએ તો આપણને પ્રતીત થશે કે તેઓના પ્રવૃત્તિમય જીવનના આરંભકાળમાં તેઓએ જે કાર્ય કરવાનું માથે લીધું હોય છે, તે સાધવાની તેઓની શક્તિ વિષે તેઓએ શ્રદ્ધાયુક્ત, અચળ અને મજબૂત માન્યતા અને વિચારોનું નિરંતર સેવન કર્યું હોય છે. તેઓની મનોવૃત્તિ તેઓના લક્ષ્યબિંદુ પ્રતિ એટલા બધા આગ્રહ પૂર્વક વળેલી હોય છે કે જે શંકાયુકત અને ભયપ્રદ વિચારો પોતાની જાતવિષે નિકૃષ્ટ વિચારો કરનાર અને અત્યલ્પની આશા રાખનાર માણસને અંતરાયભૂત થાય છે અને બ્હીવરાવે છે તે તેઓના માર્ગમાંથી દૂર થયા હોય છે. અને જગત્‌માં સર્વ દિશામાં તેઓને માટે માર્ગ ખુલ્લો થયો હોય છે; જાણે કે તેઓના પર ભાગ્યદેવીનો મહાન અનુગ્રહ થયો હોય તેમ તેઓ કોઇ પણ ક્ષેત્રમાં અસાધારણ ફત્તેહ મેળવે છે. આ જોઈને આપણે તેઓના વિજયનું મૂળ કારણ શોધવા અનેક પ્રકારની રીતિઓ અજમાવીએ છીએ. ખરી હકીકત એ છે કે તેઓની અર્થસિદ્ધિ તેઓના ઉત્પાદક અને આભ્યાસિક વિચારોનું મધુર પરિણામ છે. બીજા શબ્દોમાં કહીએ તો તેઓની અર્થસિદ્ધિએ બીજું કાંઇ નથી પરંતુ તેઓના સંજોગોમાં સ્પષ્ટ અને પ્રકટ થયેલી તેઓની ચિત્તવૃત્તિ જ છે. તેઓએ તેઓના નિર્માણ વિચારોમાંથી અને સ્વશક્તિમાં અવિરત શ્રદ્ધામાંથી તેઓએ અત્યારે જે કંઇ પ્રાપ્ત કર્યું હોય છે તે સર્વ ઉપજાવી કાઢયું હોય છે. આરબ્ધ કાર્યમાં સંપૂર્ણ સિદ્ધિ મળવાની છે એવું ખરા અંતઃકરણપૂર્વક આપણે માનવું જોઇએ. અલ્પ ઉત્સાહથી અથવા અપૂર્ણ મહત્વાકાંક્ષાથી કશું સાધી શકાતું નથી. આપણી શ્રદ્ધામાં અને આશાઓમાં, આપણા નિશ્ચયમાં અને પ્રયત્નમાં બલ અથવા સત્વ હોવું જોઇએ. જે વસ્તુ મેળવવાને આપણે ઉત્સુક હોઇએ તેની ઇચ્છાને હૃદયમાં અગ્રસ્થાન મળવું જોઇએ એટલુંજ નહિ પરંતુ ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરવાના આપણા પ્રયાસમાં દઢતા અને એકાગ્રતા હોવા જોઈએ. જેવી રીતે અગ્નિની ઉષ્ણતા ઉગ્ર હોય તોજ લોહને વાળવા જેવું અથવા ઘડવા જેવું બનાવી શકાય છે, જેમ વિજળીક વેગ અત્યંત તિવ્ર હોય તોજ હીરા જેવા કઠણ પદાર્થનું વિલયન કરી શકાય છે, તેવી જ રીતે એકીકૃત અને અજય્ય હેતુથી ગમે તેવું દુષ્કર કાર્ય સિદ્ધ થઇ શકે છે. મંદ ઉત્સાહયુક્ત ઇચ્છાથી કોઇએ કદિપણ કશું સાધ્યું હોય તેવું આપણા અનુભવમાં નથી. અનેક લોકો જીવનમાં અત્યંત અલ્પ પ્રગતિ કરી શકે છે તેનું કારણ એ છે કે તેઓના પ્રયત્નો મંદ અને બલહીન હોય છે, તેઓનો નિશ્ચય નિઃસત્વ અને તેઓની મહત્વાકાંક્ષા પ્રોત્સાહન રહિત હોય છે.

જ્યારે કોઇ માણસ સ્વશક્તિમાં શ્રદ્ધા રાખવાનું ત્યજી દે છે ત્યારે તેણે

For Private And Personal Use Only

ગુમાવેલી આત્મ-શ્રદ્ધાને પુનઃ સચેતન કરવાના અને દૈવની ગહન સત્તાથી સર્વ કાર્યો નિર્ણિત થાય છે એ વિચારને તેના મસ્તિષ્કમાંથી દૂર કરવાના પ્રયત્ન સિવાય તેને માટે કંઇપણ વિશેષ કરવાનું રહેતું નથી. " હું પોતે દૈવ કરતાં બલવત્તર છું અને કોઇ પણ બાહ્ય શક્તિ કરતાં મારી આંતર શક્તિ વિશેષ બલવતી છે. " એમ તેના સમજવામાં આવે નહિ ત્યાં સુધી તમે તેને માટે કંઇ પણ કરવા અશક્ત છે. આપણામાંના ઘણાખરા લોકોનાં જીવન અત્યંત પરિમિત અને સંકુચિત હોય છે, તેનું એક કારણ એ છે કે આપણને આપણી જાતમાં તેમજ કાર્ય સાધવાની આપણી શક્તિમાં લેશપણ વિશ્વાસ નથી. કોઇપણ સાહસ કરતાં આપણે ડરીએ છીએ, અને અતિશય સાવધાન રહેવાની ટેવને લીધે હમેશાં પશ્ચાત રહીએ છીએ. આપણા વિચારના ઉગ્રત્વ અને નિર્બોધના પ્રમાણમાં આપણે થઇએ છીએ. અધોદૃષ્ટિ રાખવાથી આપણે અધોગામી થઇએ છીએ. આપણે ઉર્ધ્વદૃષ્ટિ રાખવી જોઇએ; અને તોજ ઉત્તમ કોટિના આત્માઓથી નિવાસિત ઉચ્ચ શિખરે આપણે પહોંચી શકીએ.

આત્મશ્રદ્ધાનું આટલું પ્રતિપાદન કરવા પહેલાં એક વાતપર લક્ષ ખેંચવું જોઇએ કે આત્મશ્રદ્ધા એ આત્માભિમાન અથવા મમતા નથી. આત્મશ્રદ્ધા એક પ્રકારનું જ્ઞાન છે, અને હાથમાં લીધેલ કાર્યની સિદ્ધિને અર્થે આવશ્યકશક્તિ હોવાના અભિજ્ઞાનમાંથી તેનો આવિર્ભાવ થાય છે. અવિચળ આત્મશ્રદ્ધા મનુષ્યને દુર્ધર બળથી ઉન્નતિ ક્રમમાં આગળ વધવામાં સાહાય્ય કરે છે. શંકાશીલ મનુષ્યોમાં આ પ્રકારનું બળ હોતું નથી; તેઓ કદિ કાર્યનો આરંભ કરે છે તો તે અનિશ્ચય અથવા સાંદિગ્ધ્યથીજ કરે છે; અને **संशयात्मा विनश्यति** એ કથનાનુસાર નિશ્ચિત બળ વગરનું કાર્ય નિષ્ફળતામાંજ પરિણમે છે.

જે માણસ ધારે છે કે " કદાચ હું અમુક કાર્ય કરી શકીશ " " હું અમુક કાર્ય કરવાનો યત્ન કરીશ," અને જે માણસ જાણે છે કે "હું તે કાર્ય કરી શકીશ," "હું તેકરવાને કર્તવ્યથી બંધાયલો છું તેમજ જેને લાગે છે કે ગમે તેવા પ્રતિકૂળ પ્રસંગને પહોંચી વળે એવું પ્રગતિકારક અપ્રતિહત સામર્થ્ય પોતામાં રહેલું છે, એ બન્ને માણસોમાં મહાન ભેદ છે. નિશ્ચિતતા અને સાંદિગ્ધતા વચ્ચે, હું અમુક કાર્ય કરવાનો વિચાર કરૂં છું." અને "હું અમુક કાર્ય કરી શકીશ," એની વચ્ચે, "હું અમુક કાર્ય કરવાનો યત્ન કરીશ " અને " હું તે કરીશજ. " એની વચ્ચે જે ભેદ રહેલો છે તેનાથી સામર્થ્ય અને દૌર્બલ્ય, શ્રેષ્ઠતા અને મધ્યમતા, ઉત્કૃષ્ટતા અને સામાન્યતા વચ્ચે રહેલા ભેદનું માપન થાય છે. જે મનુષ્યને કંઇપણ કાર્ય કરી બતાવવાની ઇચ્છા છે તે બહાર પડવાને મહાન શક્તિઓથી સંપન્ન હોવો જોઇએ. અંગીકાર કરેલા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર્યમાં પોતામાં રહેલું સર્વસ્વ તેણે રોકવું જોઇએ, જેથી કરીને તે પ્રત્યેક અંતરાયની સામે ટક્કર ઝીલી શકે. સંદિગ્ધ અને અદૃઢ ચિત્તથી મનુષ્ય કોઈપણ કાર્ય કરી શકે એ અસંભવિત છે. અન્ય લોકોને અસંભવિત અથવા કઠિન જણાતું કાર્ય સાધવા પોતે સમર્થ છે એવી દૃઢતાપૂર્વક માન્યતાથીજ સિદ્ધ થાય છે કે તેની અંદર એવું કંઈક રહેલું છે કે જે વડે આરંભેલા કાર્યમાં સાફલ્ય મેળવવા સમર્થ બને છે.

શ્રદ્ધાવડે મનુષ્યો અનંતશક્તિની સાથે સંયુક્ત થાય છે અને અનંતશક્તિની સાથે એક થઈ કાર્યમાં જોડાવાથી મહાન અસાધ્ય અથવા દુઃસાધ્ય કાર્યો સુસાધ્ય બને છે. જ્યારે અત્યંત નિડરપણાને લઈને મનુષ્યને સઘળો સમય પરમસત્તાનો સર્વત્ર સાક્ષાત્કાર થયા કરે છે, ત્યારેજ તે પોતાની શક્તિઓનો બહિર્ભાવ કરવાની પરિસ્થિતિમાં મૂકાય છે. આત્મશ્રદ્ધાથી મનુષ્યની શક્તિમાં જેટલી વૃદ્ધિ થાય છે તેટલી અન્ય કશી વસ્તુથી થતી નથી. આત્મશ્રદ્ધાની સાહાય્યથી સામાન્ય બુદ્ધિથી સમન્વિત મનુષ્ય વિજયી નીવડે છે, જ્યારે આત્મશ્રદ્ધા વગર રાક્ષસી બુદ્ધિસંપન્ન મનુષ્યના પ્રયત્નો સફળ થતા નથી. શ્રદ્ધા ઉચ્ચગિરિશૃંગોપર વિચરે છે અને તેથી જ તેની દૃષ્ટિ હંમેશાં ઉર્ધ્વ હોય છે. તેની પાછળ ચાલનારને જે વસ્તુ દર્શનાતીત હોય છે તે તેને દૃગ્ગોચર હોય છે.

પ્રબળ આત્મશ્રદ્ધાએજ કોલમ્બસે સ્પેનીશ શિષ્ટસભાના આરોપો અને ઉપહાસયુક્ત વચનો સહન કરવાને અને અપ્રસિદ્ધ સમુદ્રની સપાટિ ઉપર સંચરતા એક ન્હાનકડા વ્હાણમાંના તેના નાવિકોના સંક્ષોભની સામે ટકી રહેવાને સશક્ત કર્યો હતો. હડસન પર્યંત પ્રથમ પર્યટન કરવાના ફુલ્ટનના યત્નમાં ધૈર્ય અને નિશ્ચય સિંચનાર આ આત્મશ્રદ્ધાજ હતી. જો કે અન્ય નગરજનો તેની વિરૂદ્ધ હતા અને તેનો ઉપહાસ કરવા એકત્રિત થયા હતા તો પણ અંગીકૃત કાર્ય પોતે કરી શકશે એવી તેની મજબૂત માન્યતા હતી અને તેનાં બળે નાગરિકોને સ્વપ્નમાં પણ ખ્યાલ નહિ એવો અપૂર્વ વિજય પ્રાપ્ત કરવા તે સદ્ભાગી થયો હતો.

અચળ આત્મશ્રદ્ધાએ કરેલા ચમત્કારો જુઓ અને વિચાર કરો. નેલ્સન આદિ અનેક મહાપુરૂષોના વિજયમાં આત્મશ્રદ્ધાજ કારણભૂત હતી. આત્મશ્રદ્ધાએ શોધખોળ અને કળાકૌશલ્યના ક્ષેત્રમાં બળવર્ધક ઔષધ સમાન કાર્ય બજાવ્યું છે. યુદ્ધમાં અને વિજ્ઞાનમાં જે કાર્યો સંશયાત્માઓથી અસંભવિત મનાતા હતા તે કાર્યો આત્મશ્રદ્ધાએ સંભવિત બનાવ્યા છે, જે કટાકટીના પ્રસંગોથી અને દુર્ઘટ ઘટનાઓથી મહાન શોધકો હતાશ થઇ ગયા હતા, તેમાંથી પસાર થવાની શક્તિનો સંચાર કરનાર આત્મશ્રદ્ધા છે. પરાક્રમ ભરેલાં કાર્યો સિદ્ધ થાય નહિ ત્યાંસુધી અસંખ્ય વીરપુરૂષોને પોતાનાં કાર્યોને વળગી રહેવાનું સામર્થ્ય આપનાર આત્મ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રદ્ધા છે. આપણા પોતાની અંદર નિકૃષ્ટતાનું રોપણ કરવાથીજ આપણે અપકર્ષના ખાડામાં પડીએ છીએ. આપણામાં રહેલી દિવ્યતા આપણા સમજવામાં આવે અને આપણે ઉર્ધ્વદૃષ્ટિથીજ વિચાર કરીએ તો ઉન્નતિના શિખરપર અલ્પ સમયમાં પહોંચી શકીએ.

પોતાનું મૂલ્ય ઓછું આંકવાની ટેવને લઇને અનેક લોકો ઉત્ક્રાન્તિ ક્રમમાં જેટલા પછાત રહે છે તેટલા અન્ય કશી વસ્તુથી રહેતા નથી. તેઓ પોતાના સંકુચિત વિચારોને અને પોતાની અયોગ્યતા સંબંધી મૂર્ખતા ભરેલી માન્યતાઓને બીજી કોઇ પણ વસ્તુ કરતાં વધારે આધીન બની ગયા હોય છે. જ્યારે મનુષ્ય ધારે છે કે અમુક કાર્ય કરવા પોતે અસમર્થ છે ત્યારે તે કાર્ય કરવામાં તેને સાહાય્ય કરે એવી વિશ્વમાં કોઇ શક્તિ નથી. સર્વ વિષયમાં આત્મશ્રદ્ધા જ અગ્રસ્થાને હોવી જોઇએ. તમારા માટે તમે જે સીમા નક્કી કરો છો તેની બહાર જવા તમે અશક્ત છો. ઉત્તમ વસ્તુઓ માટેની પોતાની ઇચ્છાઓ અને મહત્વાકાંક્ષાઓનો કંઇક અંતિમ ઉદ્દેશ છે, પોતે મહાન છે એમ ખરેખરી રીતે માનવાની વાત મનુષ્યોને અત્યંત મુશ્કેલી ભરેલી લાગે છે; પરંતુ વસ્તુતઃ આપણામાં ઉચ્ચ આશાઓ ઉદ્ભવે છે તે એજ સૂચવે છે કે તેને સિદ્ધ કરવાની આપણામાં શક્તિ રહેલી છે. આપણી આશાઓ આપણી આંતરિક દિવ્યતાના પોત્સાહન રૂપે છે, ઉચ્ચતર પ્રદેશમાં જવાના આહ્વાનરૂપે છે.

જ્યાં સુધી મનુષ્યમાં આત્મશ્રદ્ધાનો ઉદ્ભવ થતો નથી, જ્યાં સુધી તેને પોતાની અંદર રહેલા ઉચ્ચ અંશોનું યથાર્થ ભાન થતું નથી, અને જ્યાં સુધી તેને સમજાતું નથી કે તેના ઉચ્ચાભિલાષો તેના આદર્શને પ્રત્યક્ષ અનુભવવાની તેની શક્તિના સૂચક છે ત્યાં સુધી કોઇ પણ મનુષ્ય જગત્માં આગળ વધી શકતો નથી અથવા મહાન શક્તિઓનો આવિર્ભાવ કરી શકતો નથી. જીંદગીમાં જે જે વસ્તુઓની તમને સંપ્રાપ્તિ થાય છે તે સર્વનું કારણ તમારા પોતામાં રહેલું છે. તેની ઉત્પત્તિ ત્યાંથીજ થાય છે. જે વસ્તુ મેળવવા તમે ઇચ્છો છો અને પ્રયાસ કરો છો તે તમને મળે છે, કેમકે તે તમારા વિચારોમાંથી ઉત્પન્ન થાય છે અને તમારી અંદર એવું કંઇક રહેલું છે જે તેને તમારા પ્રતિ ખેંચી લાવે છે. જે તમારૂં પોતાનું હોય છે તે જ તમને મળે છે, તે જ તમારી શોધમાં હોય છે. જ્યારે જ્યારે તમે કોઇ પણ માણસને કોઇ પણ ક્ષેત્રમાં અસાધારણ વિજય મેળવતો જુઓ ત્યારે યાદ રાખો કે તેણે સતત તે સ્થિતિને જ વિચાર સૃષ્ટિમાં રચી હોય છે અને તેની મનોવૃત્તિ અને શક્તિમાંથી તેની ઉત્પત્તિ થઇ હોય છે, તેનો વિજય તેની અચળ આત્મશ્રદ્ધાનું, તેનાં આંતર નિરૂપણનું અને તેની શક્તિઓ અને શકયતાની યથાર્થ ગણનાનું પરિણામ છે. જગત્માં મહાન કાર્ય કરનાર લોકો હમેશાં જબરા આત્મશ્રદ્ધાવાન હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇ પણ મનુષ્યને સદબોધામૃતનું પાન કરાવવું હોય તો આ શબ્દો જ કહો કે " તમારા સર્વ બળથી આત્મશ્રદ્ધાવાન બનો. તમારૂં ભાગ્ય તમારી અંદર રહેલું છે, તમારી અંદર એક શક્તિ એવી છે કે જો તેને સચેતન કરવામાં આવે, જાગૃત કરવામાં આવે, યત્નથી કેળવવામાં આવે તો તેનાથી તમે એક ઉદાર ચરિત પુરૂષ થશો, એટલુંજ નહિ પરંતુ પ્રત્યેક ક્ષેત્રમાં વિજયી અને સુખભાગી થશો. પ્રત્યેક શાસ્ત્રમાં આત્મશ્રદ્ધાની અલૌકિક અને ચમત્કારિક શક્તિનું અવધારણ થયેલું આપણને સર્વદા માલૂમ પડે છે. અમુક વ્યક્તિમાં આત્મશ્રદ્ધા છે એ વાત એમ સૂચવે છે કે તેની આંતરિક શક્તિઓનું તેને ભાન થયેલું છે. જેનાથી માર્ગમાં આવતા અંતરાયભૂત વિઘ્નો અને મુશ્કેલીઓનો તે ક્ષય કરી શકે છે, અથવા વિઘ્નો દૂર કરવાની તેની શક્તિની સરખામણીમાં તે મુશ્કેલીઓ અતિ તુચ્છ ભાસે છે. આત્મશ્રદ્ધા આપણને આત્માની નિર્મર્યાદ શક્યતાઓ જોવાનું સામર્થ્ય આપે છે અને આપણામાં એવી અજય્ય શક્તિઓ પ્રકટ કરે છે કે આપણે પ્રગતિમાન થવાને ઉત્તેજીત થઇએ છીએ, એટલુંજ નહિ પણ વૃદ્ધિગત થયેલી શક્તિઓનું આપણને અભિજ્ઞાન થાય છે; કારણકે આપણે સર્વ શક્તિઓના સમુચ્ચયના નિકટ સંબંધમાં આવીએ છીએ અને સર્વ વસ્તુઓનો મહાન પ્રભાવ દૃષ્ટિગમ્ય થાય છે.

શ્રદ્ધા આપણામાં રહેલું એવું કંઇક છે કે જે સઘળું જાણે છે, તે જાણે છે કારણ કે આપણી પાશવ પ્રકૃતિને જે અગોચર છે તે સઘળું તેને દૃગ્ગોચર હોય છે. આત્મવિશ્વાસ આપણી અંદર રહેલ અનાગતદર્શી છે, અને આપણને પ્રોત્સાહન તથા ઉત્તેજન આપવાને માર્ગદર્શક દિવ્ય દૂત છે, જીવનપથમાં આગળ ચાલવાનું ત્યજી દેતા ને હતાશ થતા અટકાવવાને તે આપણને આપણી શક્યતાઓનું સ્પષ્ટ અને સત્ય ભાન કરાવે છે. આપણી શ્રદ્ધા સઘળું જાણે છે, કારણ કે જે આપણને અગોચર અને અગમ્ય છે તે તેને ગોચર અને ગમ્ય છે. આપણા શંકાયુક્ત અને ભયયુક્ત વિચારો આપણી જે શક્તિઓ અને સાધનોને પડદામાં રાખે છે તે શ્રદ્ધા નિહાળી શકે છે. જ્યાં શ્રદ્ધા હોય ત્યાં શંકા કે ભય સંભવે જ નહિ. વિટંબનાઓમાંથી બહાર નીકળવાનો માર્ગ શ્રદ્ધા જોઇ શકે છે. આપણા ઉદાત્ત, દિવ્ય અને મનોહર જીવન રાજ્યમાં શ્રદ્ધા અવગાહન કરી શકે છે. જેનામાં શ્રદ્ધા છે તેને સઘળું સુલભ છે, કારણ કે કાર્યસિદ્ધિ રૂપી શક્તિને શ્રદ્ધા સારી રીતે ઓળખે છે.

જો પરમાત્મામાં અને આપણા પોતામાં અડગ શ્રદ્ધા હોય છે તો આપણે મુશ્કેલીઓના સર્વ પર્વતોનું ઉલ્લંઘન કરી શકીએ છીએ, અને આપણા જીવનના લક્ષ્ય સ્થાને અલ્પ સમયમાં સંપૂર્ણ ફત્તેહમંદીથી પહેંચી શકીએ છીએ, શ્રદ્ધાથી સર્વ પ્રકારના અનર્થો, આવરણો અને ઉપાધિઓનું દૂરીકરણ થઇ શકે છે. એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમય એવો આવશે કે જ્યારે પ્રત્યેક મનુષ્યમાં નિઃસીમ શ્રદ્ધા પ્રવર્તશે અને જગત્‌ની પ્રત્યેક વ્યક્તિ વિજયશ્રીથી શોભિત પરમ સુખમય જીવન વહન કરશે, અને જગત્‌માંથી દારિદ્રયનો, નિષ્ફળતાનો, અને જીવનની વિષમતાઓનો વિલય થશે.

## આરોગ્ય સંરક્ષણ.

જાહેર આરોગ્ય સંરક્ષક સુધારાઓ દાખલ કરવાથી સ્વચ્છતા અને સુઘડતાના નિયમો જનસમૂહને શીખવી શકાય છે એ એક સુપ્રસિદ્ધ વાર્તા છે; પરંતુ આ આરોગ્ય સંરક્ષક સુધારાઓની સાથે હંમેશના સામાજીક અને ગૃહ સંબંધી આરોગ્ય વિદ્યાના મૂળ તત્વોનો જનસમાજમાં બહોળો પ્રસાર થવો જોઇએ. કુદરત જ સર્વોત્તમ વૈદ્ય, ડોક્ટર અથવા હકીમ છે અને વૈદકીય ગ્રંથોમાં વર્ણવેલા ઉપાયો કરતાં કુદરતી ઉપાયો અત્યંત અનુકૂળ અને શ્રેષ્ઠ છે એ સિદ્ધાંત લોકોના મનમાં ઠસાવવાની ખાસ આવશ્યકતા છે; તેમજ જે જોખમ ભરેલા સંજોગોથી તેઓ પરિવૃત થયા હોય તેનું ભાન તેઓને સ્પષ્ટતઃ કરાવવું એ પણ અગત્યનું છે. માનુષી શરીર એક પ્રકારનું ન્હાનકડું રાજ્ય છે જેની અંદર આંતર વ્યવસ્થા રાખવા માટે અને બાહ્ય રોગ–શત્રુઓના આક્રમણો અટકાવવા માટે સંપૂર્ણ બંધારણ રચાયલું છે. વીર્ય અને ઓજસ્ ઉક્ત રાજ્યના પોલીસ અને લશ્કરી ખાતાના મુખ્ય અધિકારીઓ છે, અને સારી તંદુરસ્તીની સાહાય્યથી તેની ઉપલબ્ધિ અને તેનો ટકાવ થઈ શકે છે. કેળવણીની પ્રગતિ સર્વત્ર થવા લાગી છે એ, ખરેખર, સુભાગ્યનું ચિહ્ન છે. અને તેનાથી આરોગ્ય સંરક્ષણમાં પણ પ્રગતિ થશે એ નિઃસંશય છે. રોગોની સામે બાથ ભીડવામાં અને લડત ચલાવવામાં ઉત્સાહ બતાવવાની કેટલેક સ્થળે શરૂઆત થઇ છે. જાહેર પ્રજાના આરોગ્યની બાબતમાં વિશેષ ઉત્સાહ અને પ્રાવીણ્ય માટે કેળવાયલ વર્ગની માગણી સદાને માટે ચાલુ છે. એક સ્થળે હક્સ્લીએ કહ્યું છે કે “ Where sanitation is neglected or thwarted, stunted developments of disease & moral degradation can not be accumulated at compound interest. ” “ જ્યાં આરોગ્ય સંરક્ષણના નિયમોની ઉપેક્ષા કરવામાં આવે છે ત્યાં શારીરિક અસ્વાસ્થ્ય અને નૈતિક અપકર્ષમાં અતિશય વધારો થયા વગર રહેતો નથી.”

આધુનિક સમયમાં જૈનોની આ પ્રકારની સ્થિતિ થઇ ગયેલી છે. સમસ્ત કોમના માણસોના, અને ખાસ કરીને બાળકોના, આરોગ્યનો વિષય ગંભીર ચિંતા ઉપજાવે તેવો છે. દાખલા તરીકે આપણે મુંબઇની સ્થિતિનું અવલોકન કરીએ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યાં જૈનોના નોંધાયલા હજાર જન્મમાંથી લગભગ સાતસો કરતાં વધારે બાળકોના મૃત્યુ નીપજે છે. માતાઓની અજ્ઞાન દશા અને ઉપેક્ષાનુંજ આ શોચનીય પરિણામ છે. ક્ષય, મરકી આદિ ચેપી રોગોથી સર્વત્ર મોટા પ્રમાણમાં મરણ નીપજે છે. પાશ્ચાત્ય મહાન શોધોથી સિદ્ધ થઇ ચૂક્યું છે તેમ જો આપણે ખોરાકના પદાર્થો, પાણી, હવા, કપડાં અને આપણા શરીર, ગૃહ અને વાતાવરણની સ્વચ્છતા પર યોગ્ય લક્ષ આપીયે તો આ વ્યાધિઓ અટકાવી શકાય છે. જેમ્સવીલ્સન કહે છે કે "Sickness is the penalty Nature inflicts upon us for violating her laws " " કુદરતના અવિચ્છેદ્ય નિયમોનું ઉલ્લંઘન કરવા માટે કુદરત આપણને માંદગી રૂપી શિક્ષા કરે છે." નિયમોના અજ્ઞાનને લઇને અપરાધની ક્ષમા આપવામાં આવતી નથી અથવા શિક્ષામાં ન્યૂનતા કરવામાં આવતી નથી. ક્ષયનો વ્યાધિ અટકાવવાને ઉક્ત વ્યાધિના શત્રુ સમાન પ્રકાશ અને હવાના લાભો સારી રીતે મળી શકે તે માટે ગીચ વસ્તી ન થાય એ ધ્યાનમાં રાખવાની પુરેપુરી આવશ્યકતા છે.

કોઈએ યથાર્થ કહ્યું છે કે " Where the Sun does not go, the doctor goes. " " જે સ્થળે સૂર્યના પ્રકાશનો પ્રવેશ થતો નથી ત્યાં ડોકટરનું આગમન થાય છે. " આ દિશામાં મ્યુનીસીપાલીટી ખાતું બનતા પ્રયત્નો કરે છે. ડૉ. નેન્કલેન્ડે આરોગ્ય વિદ્યા સંબંધી લખતાં ઉલ્લેખ કર્યો છે કે " જ્યારે મનુષ્યો જંગલી અને ઘાતકી પશુઓથી પોતાનું રક્ષણ કરતાં શીખ્યા ત્યારે તેઓ સંસ્કૃતિમાં એક પગલું આગળ વધ્યા હતા. આજે મનુષ્યો જંતુઓથી પોતાનું રક્ષણ કરવા લાગ્યા છે તે પણ તેટલાજ મહત્વનું પગલું છે." જો કોઇ ધર્મપરાયણ માણસ પ્રશ્ન કરે છે કે આવા ઊપાયો વડે વિધિવશાત્ આવેલી માંદગીનો રોધ થઇ શકે એમ શું તમે ધારો છો ? આના જવાબમાં એજ કહેવાનું કે જ્યારે પ્રત્યેક વ્યક્તિને સુવિદિત છે કે લેશ પણ આશા ન હોય એવા વ્યાધિઓ યોગ્ય ઉપચારોથી દૂર કરી શકાય છે એવું વિદ્વાન ડોકટરોએ સિદ્ધ કર્યું છે, તેવા સમયમાં આવો મૂર્ખાઇ ભરેલો પ્રશ્ન ઉપસ્થિત થઇ શકે જ નહિ. જ્યારે વિવાહ સંબંધી વાતચીત ચાલતી હોય છે ત્યારે આપણી માતાઓ જે કુટુંબમાં પોતાના પુત્ર અથવા પુત્રીના લગ્ન કરવાના હોય છે તેના ગૃહ ( નિવાસસ્થાન ) સંબંધી હકીકતથી વાકેફ થવા પ્રશ્નો કરે છે કે " તેમના ગૃહના દ્વાર મલદૂષિત જોવામાં આવે છે ? તેમના ઘરની દિવાલો બત્તીઓના તેલથી ખરડાયલી છે ? વિગેરે. " આ પ્રકારના પ્રશ્નોનો ઉત્તર હકારમાં આવે છે તો તેઓને સંતોષ થાય છે; કેમકે આ સર્વ તે કુટુંબના વૈભવના અને સમૃદ્ધિનાં ચિન્હો તરીકે ગણાય છે. જ્યારે જનસમાજ આ સર્વને અવનતિ અને અપકર્ષના ચિન્હો તરીકે લેખતાં શીખશે ત્યારેજ આરોગ્યના પુનરૂદ્ધારના શુભ દિવસનો ઉદય થશે. નેપોલીયન એક સ્થળે કહે છે કે "Moral is to physical

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



as ten to one" "( શારીરિક વિકાસ કરતાં નૈતિક વિકાસની દશગણી જરૂર છે.)" પરંતુ શારીરિક બળ વગર નૈતિક વિકાસ અસંભવિત છે. શારીરિક વિકાસ દરેક પ્રકારના માનુષી કલ્યાણનો અગ્રેસર છે. રોગથી પીડાતો મનુષ્ય આ જીંદગીના અર્ધા ગુણોવાળુંજ જીવન ગાળે છે. નિરામય જીવનજ ખરેખરૂં જીવન ગણાય છે, આંગ્લકવિ મિલ્ટનના શબ્દોમાં કહીએ તો " What life thou livest, live well" (" જે જીવન તું ગુજારે છે તે સારી રીતે વહન કર. )" રોગી તત્વવેત્તા કરતાં એક નિરોગી ખેડુત અનેક દરજ્જે સારો છે, એ કથનમાં લેશપણ અત્યોક્તિ નથી. બુદ્ધિની અને ભાગ્યની ઉત્કૃષ્ટ બક્ષીસોનો ઉપયોગ અને ઉપભોગ કરવાને શારીરિક તન્દુરસ્તીનો અભાવ હોય તો તે સર્વ નિરૂપયોગી અને કેવળ ભારરૂપ છે. આરોગ્ય સંરક્ષણના નિયમોના જ્ઞાનનો લોકોમાં બહોળો પ્રચાર કરવાને પ્રયાસ કરનાર વ્યક્તિ એક પ્રકારની અમૂલ્ય જાહેર સેવા બજાવે છે. લોકોને ધાર્મિક સુધારણા અથવા ઉન્નતિના માર્ગનો ઉપદેશ કરનારની અને સામાન્ય કેળવણીના ઉત્કર્ષ માટે યત્ન કરનારની સંખ્યા પુરતી છે; પરંતુ લોકોને શારીરિક સુધારણાના માર્ગનો નિરંતર પ્રતિબોધ કરનાર વ્યક્તિઓએ પ્રકાશમાં આવવાની અનિવાર્ય અગત્ય છે. જ્યારે લોકોને શીખવવામાં આવશે કે આખા ગૃહની સુઘડતા પર સંપૂર્ણ લક્ષ આપ્યા પહેલાં માત્ર દિવાનખાનાને સુશોભિત બનાવવું નિરૂપયોગી છે, જ્યારે તેઓ સમજશે કે હવા પ્રકાશ વગરના મકાનોમાં નિવાસ અતિશય જોખમ ભરેલો છે, જ્યારે સ્વચ્છ હવા-પાણીની કિંમત તેઓને બુદ્ધિગત થશે. ટુંકામાં, જ્યારે ' સ્વચ્છતા અથવા સુઘડતા પણ એક પ્રકારની પુણ્યશીલતા અથવા ધર્મસેવા છે ' એ સત્ય સિદ્ધાંતની લોકોને સ્પષ્ટ પ્રતીતિ થશે, ત્યારેજ આપણે વીરપરમાત્માના લાયક બાળકો ગણાશું, જે બાળકોને પ્રાચીન કાળમાં સ્વચ્છ હવાપાણીના સઘળા સુખો અને લાભો ભોગવવાનું સુભાગ્ય પ્રાપ્ત થયું હતું.

એન. બી. શાહ.

# એક ખુલાસો.

ગયા ભાદરવા, આસો માસમાં આ દેશમાં સર્વત્ર સ્થળે ઇન્ફલ્યુએન્ઝાએ મનુષ્યો ઉપર હુમલો કર્યો હતો, અને માત્ર ૩ થી ૪ અઠવાડીયાં તેનું જોર ચલાવી અનેક પ્રાણીઓનો ભોગ લઈ તે નાબુદ થયો હતો, અને હાલમાં મુંબઇમાં વળી માગશર માસથી ઇન્ફલ્યુએન્ઝા અને કોલેરા બંને વ્યાધીઓ એક સાથે શરૂ થયેલ જણાય છે. પરમાત્માની કૃપાથી તે આગળ વધે તેવો સંભવ જણાતો નથી, છતાં કમભાગ્યે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇન્ફલ્યુએન્ઝાની જેમ કદાચ આ દેશના કોઈ ભાગમાં જોર કરે તો તે તે દરેક સ્થળે તેવા રોગોની સામે મનુષ્યોનું રક્ષણ કરવાને માટે દરેક કોમે, દરેક સમાજે અને દરેક મનુષ્યે અભ્યંતરથી પરમાત્મભક્તિ, દાનપુણ્ય, ધર્મક્રિયા વિશેષ કરવી અને બાહ્યથી આપણા બંધુઓનું, આપણું તેમાંથી રક્ષણ કરવાને માટે દવા વીગેરેનાં સાધનો એકઠાં કરવા અને તેને માટે પૈસા પણ એકઠા કરવા તે સર્વનું કર્તવ્ય છે, અને તેવી રીતે સમાજસેવા કોઇપણ પ્રસંગે કરવી તે આપણું કર્તવ્ય છે. આવી સમાજસેવા કરનારાઓ ભાવનગરના જૈન સ્વયંસેવક બંધુઓની કદરની લેખીત નોંધ 'આત્માનંદ પ્રકાશ'ના ગયા કારતક માસના અંકના એક લેખમાં લેવામાં આવી હતી, અને તે વખતે ભાઇબંધ જૈનધર્મ પ્રકાશના તંત્રીએ તેવાં કાર્ય કરનારા મુંબઇના જૈન બંધુઓની નોંધ લીધી અને અત્રેના જૈન સ્વયંસેવકના કાર્યની નોંધ નહિ લેવા માટે "આત્માનંદ પ્રકાશ" ના તે લેખકે તેઓએ નોંધ નહિ લેવા માટે ખેદ જાહેર કર્યો, જેથી આ લેખકને આનંદ સાથે જણાવવું પડે છે કે ભાઇબંધ જૈન ધર્મ પ્રકાશના તંત્રીએ તે વાત સ્વીકારી અને માગશર માસના પોતાના માસિકમાં તેની નોંધ લીધી. પરંતુ તે નોંધ તે વખતે ખેદ સાથે કરેલી સુચના પછીના માગશર માસના અંકમાં મોડી લીધી, પરંતુ તેનો બચાવ કરવા માટે ઉક્ત તંત્રીએ પોતાના પોસ માસના અંકમાં પ્રગટ કરેલી સ્ફુટનોંધ ચર્ચાના લેખમાં બતાવેલી હકીકત કેટલી અવાસ્તવિક છે, એમ બતાવવા માટે તેમના તે લખાણેજ આ લેખકને પ્રેરણા કરેલી હોવાથી કેટલીક હકીકતો અણછુટકે આ વખતે પણ આ આત્માનંદ પ્રકાશના આ લેખકને બ્હાર મુકવી પડે છે અને તેવી પ્રેરણા ભાઈબંધ જૈન ધર્મ પ્રકાશના તંત્રીના પોતાના તરફથી થતી હોવાથી અમો ધારીએ છીએ કે તેઓ પણ તેમાં ખુશી હોય તે બનવાજોગ છે. તેઓએ પોતાના પોસ માસના અંકમાં આત્માનંદ પ્રકાશના તંત્રીને સંબોધીને લખ્યું છે, પરંતુ આત્માનંદ પ્રકાશના તે કાર્તક માસનો લેખ અને તંત્રી બંને હકીકતનો પરસ્પર સંબંધ અને અસ્તિત્વ નથી, પરંતુ જેમણે માગશર માસના અંકમાં સેવા વિષે લખ્યું છે તેમનોજ આ જવાબ છે તે પણ જણાવવું સસ્થાને છે, પોસ માસના પોતાના અંકમાં તેઓ જણાવે છે કે "આગલા માસમાં વદી ૫ લગભગ મેટર તૈયાર કરી પ્રેસમાં મોકલવામાં આવે છે, અને પ્રત્યેક માસની શરૂઆતમાં સુદી ૧થી ૫ સુધીમાં આ માસિક અમારા ગ્રાહકોને પહોંચાડવામાં આવે છે." અમો એમ નથી માનતા કે કાયમના માટે તેમ બનતું હોય અને બન્યું હોય! અને તેમના લખવા પ્રમાણે કાયમ તેમ બનતું હોય તો પણ આત્માનંદ પ્રકાશ અને તેમનું માસિક બંને એકજ પ્રેસમાં અત્રે છપાતા હોવાથી મેટર પ્રેસમાં મોકલ્યા પછી ઘણું કરીને ૧૫ દિવસ માં પ્રેસવાળા માસિક તૈયાર કરીને આપે છે, અને આ માસિકને પણ એમ બનતું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય તેમ તેમને પણ તેમ થતું હોવું જોઇએ, તે રીતે વીચારતાં અને કાર્તક માસનું તેમનું માસિક કારતક વદી ૫–૬ કે ભાવનગરમાં વહેંચતાં તે તેની પહેલાં બે ત્રણ દીવસ અગાઉ એટલે કારતક વદી બીજ–ત્રીજના લગભગ પ્રેસમાંથી તેમને મળેલું હોવું જોઇએ, જેથી પંદર દિવસ પહેલાં મેટર આપ્યાનો હીસાબ ગણવામાં આવે તો તે વખતે સ્વયંસેવકનું કાર્ય વીતી ગયાને લગભગ તેર દીવસ ઉપર થયા હતા, તેમજ તેમનુ માસિક છપાઇને તેમને પહોંચ્યાની પહેલાં લાંબો ટાઇમ છતાં સ્વયંસેવક મંડળની નોંધ ન લઇ શકે તેવો સમય નહોતો. દાખલા તરીકે તેમના હાલમાં બ્હાર પડેલા પોસ માસના અંકમાંજ તેમના લખવા પ્રમાણે જો માનીએ કે વદી ૫ લગભગ મેટર તૈયાર કરી પ્રેસમાં મોકલવામાં આવે છે, તો વડવામાં શ્રી ઉપાધ્યાયજી મહારાજશ્રીના સ્મરણ નિમિત્તે જે અઠ્ઠાઈ મહોત્સવ થયો હતો કે જેની શરૂઆત માગશર વદી ૧૩ થી થયેલી હતી તેની નોંધ તેમના પોશ માસના અંકમાં ૩૨૪ પાને આવેલી છે તો વદી ૫ મે મેટર તૈયાર કરી પ્રેસમાં મોકલાતા મેટરમાં વદી ૧૩ ની હકીકત શી રીતે આવી હશે ? તે વાચકવર્ગને સોંપીએ છીએ; એટલે કે કામના પ્રસંગો અને વ્યવસાયને લઇને વદી ૫ લગભગ મેટર મોકલવાને બદલે તેથી મોડું પણ ઘણી વખત બને, અને તેથી શુદી ૧ થી ૫ સુધીમાં ગ્રાહકોને માસિક પહોંચાડવાની હકીકત જણાવવામાં આવે છે તે પ્રેસમાં મોડું મેટર જાય તો તે પ્રમાણે છપાતાં શુદી ૫ પછી ઘણે દીવસે પણ માસિક વહેંચાય અને તેવો જ દાખલો તેમના કારતક માગશર માસના અંકમાં બન્યો છે જે ઉપર બતાવવામાં આવેલ છે. આત્માનંદ પ્રકાશનો મેટર પણ શુદી ૫ લગભગ તૈયાર કરવામાં આવે છે, અને તે માસિક શુદી ૧૫ લગભગ વહેંચવાનો ધારો છે, છતાં કેટલીક વખત કેટલાક કારણોથી મોડું પણ બને છે; એમ દરેક માસિકો માટે તેમ બનતું જોવામાં આવે છે, એટલે કે તેઓએ બતાવેલું તે કારણ વાસ્તવિક નથી. વળી ઉપર બતાવ્યા પ્રમાણે માસિક વહેંચાણાં તેની પહેલાં લાંબો ટાઇમ હોઇને તે નોંધ લેવાનો અવકાશ છતાં પોતે જણાવે છે કે " કાયની પૂર્ણાહુતી પછીજ તેના ગુણદોષ માટેનું વીવેચન કરવું યોગ્ય છે. " તે જોતાં વચ્ચેના ઘણા દીવસ ગયા છતાં તેઓ શું ગુણદોષ નહિ જોઇ શકયા હોય ? તેઓના કહેવા પ્રમાણે ગુણદોષ જોયા પછીજ વિવેચન કરવું યોગ્ય છે તેમ જો તેઓ માનતા હોય તો મુંબઇની જૈન હોસ્પીટલ અને તેનું કાર્ય જાણવા પ્રમાણે ઇન્ફ્લ્યુએન્ઝા નાબુદ થવા પછી, પણ બે માસ સુધી એટલે નવેમ્બર સુધી ચાલુ હતું, તેમ છતાં તેના ચાલુ કાર્યની નોંધ કારતક માસમાં તેઓના તરફથી લેવામાં આવી, અને અત્રેના જૈન સ્વયં સેવક બંધુઓના કાર્યની નોંધ તેમનું કાર્ય પતી ગયાને અમુક દીવસ થયા પછી પોતાનું માસિક પ્રગટ થાય છે છતા નોંધ લેવામાં ન આવી અને તેને માટે 'પ્રેસમાં મેટર વદી ૫મે આપવામાં આવે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે તેવો તેમજ કાર્યની પૂર્ણહુતી પછીજ તેના ગુણદોષનું વિવેચન કરવું યોગ્ય છે એમ કહી બચાવ કરી કારતક માસના અંકમાં નોંધ ન લીધી તે ઉપરની હકીકતથી માલમ પડશે જે વાસ્તવિક છે કે નહિ જે વાચક વર્ગને સોંપીએ છીએ.

વળી આશો વદી ૫ મે પોતાના માસિકનું મેટર પ્રેસમાં મોકલાવે છે, તે વખતે અત્રેના જૈન સ્વયંસેવક મંડળના ઔષધાલયની શરૂઆત જણાવે છે, પરંતુ તેની શરૂઆત તો અમારી પાસે લેખીત પુરાવાથી આશો શુદીમાં શરૂ થયેલ માલુંમ પડેલ છે, તેટલુંજ નહિ પરંતુ શુમારે ત્રણ અઠવાડીઆજ તે કાર્ય ચાલ્યું હતું અને દીવાળીમાં તો તે કાર્ય લગભગ પૂરૂં થવા આવ્યું હતું અને કારતક શુદી ૫–૬ લગભગ તો તદન ખલાસ કરવામાં આવ્યું હતું, વળી તેઓ જણાવે છે કે "અમારા ઉપર આક્ષેપ કરવાની શા કારણથી જરૂર પડી હશે" તેમજ "આત્માનંદ પ્રકાશકારને અમારી નોંધ માટે કેમ આતુરતા દેખાડવી પડી હશે તે અમે કલ્પી શકતા નથી આમ તેઓ જણાવે છે" પરંતુ જ્યાં સમાજને લગતા કાર્યને કે તે કાર્ય કરનાર વ્યક્તિ અગર અમુક વ્યક્તિઓને માટે યોગ્ય કે ન્યાય પુરઃસર ન થતું હોય અને પોતાના ઘરનાને બાજુએ મૂકીને બીજાના વખાણ કરવાનું બનતું હોય તેવા સંયોગમાં કોઈપણ જાતની કોઇ પ્રકારની સુચના કરવી તે વાસ્તવિક ગણાય છે. તેને લઇને તે કહે છે તેમ આત્માનંદ પ્રકાશના તંત્રીને નહીં પરંતુ આ લેખકને તેમ કરવું પડે છે. પરંતુ આક્ષેપ નહીં છતાં આક્ષેપ માની તે માટે તથા તેમની નોંધ માટે આતુરતા દેખાડવાનું તેઓ કારણ માંગે છે. તો તે એટલા માટે દેખાડવી પડે છે, કે અનેક જૈન યુવક બંધુઓએ પોતાનો ધંધો મહીના પોણા મહીના સુધી છોડી પોતાના ધંધા અને શરીરની દરકાર કર્યા વગર સમાજ સેવા કરી અને તેના માટે નોંધ લેવામાં જરૂરીયાત વખતે ન આવે અને બીજા ગામ માટે લેવામાં આવે તેથી, તેમજ તેટલુંજ નહિ પરંતુ તે વખતે બનેલી બે હકીકતની ચર્ચાને લઇને; તેમની મન પસંદ હકીકત નહિ બનવાથી અમો ધારતા હતા કે આ નોંધ કદાચ લેવામાં નહિ આવે, કારણકે અઢી વર્ષ પહેલાં પણ એક સમાજ સેવાના કાર્યને માટે જૈનહિતકર મંડળે કરેલી સેવાની નોંધ તેઓએ હજુસુધી લીધેલી નહિ હતી. કારણકે તે પોતાની અંગત માનતા હતા અને આ કાર્યમાં ઉપર બતાવ્યા પ્રમાણે બનેલી એ બે હકીકત ચર્ચાવાળી થઇ પડી હતી; જે એ હતી કે તે વખતના કાર્યના પ્રસંગે જૈન સ્વયંસેવક મંડળના તે કાર્ય માટે રૂપીયા ૧૫૦) ની રકમ તે ખાતાને આપવાને તેમની દુકાન મારફત થયેલ નિર્ણયને લઇને તે યુવક મંડળના તે ખાતાના એક સેક્રેટરીએ તે રકમ તેમની દુકાને ચીઠી લખી મંગાવતાં તેના વ્યયની બાબતમાં થયેલી ચર્ચા તેને લઇને, તેમજ તેમના એક અંગત શખ્સને જ્યારે ઇન્ફલ્યુએન્ઝા થયો ત્યારે તે સ્વયંસેવક સમાજના તે ખાતા તરફથી જે ડાકટરોની નીમણુક કરેલી હતી તે પૈકીના એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડોકટરને પોતાથી તે દરદીની સારવાર માટે મોકલી તેની ફીના રૂપીયા સ્વયંસેવક મંડળના ફંડમાંથી લેવા માટેની થયેલી ઇચ્છાથી તે ખાતાને કહેવરાવતાં તે માટે થયેલી ચર્ચા, એ બંને હકીકતોને લઇને જૈન સ્વયંસેવક મંડળ ઉપર થયેલા અભાવને લઈને કાર્તક માસના માસિકમાં તેઓએ નોંધ ન લીધી તેમ અમારે સ્પષ્ટપણે જણાવવું પડે છે.

જ્યારે તે વખતના કાર્ય અને દવાખાનાની વીઝટ લેવાને માટે સંસ્થાના દરેક ગ્રહસ્થને આમંત્રણ કરીને બોલાવવામાં આવતા હતા અને તેઓ જોઇને પ્રશંસા કરતા હતા ત્યારે તેઓને તે ખાતાના સેક્રેટરીએ આવવાની સુચના કર્યા છતાં પણ તેઓને આવવાની કે જોવાની પુરસદ મળી નથી. એટલે કે એ વખતના તે કાર્યમાં કોઇ પણ જાતની પોતાની સત્તા કે મરજી પ્રમાણે કરી શકાય તેવું નહિ હોવાથીજ ઉપરની બંને બાબતની ચર્ચા ઉઠેલી હતી, તેને લઇનેજ પોતાના કારતક માસના અંકમાં લઈ શકાય તેવો અવકાશ છતાં નોંધ ન લીધી, ત્યારે આવા ઉત્તમોત્તમ કાર્ય કરનારને માટે કાંઇ પણ ન લેવાય તેને માટે સખેદ તે વખતે નોંધ આવી તેમજ બીજા પેપરોમાં પણ અનેક નોંધો આવી ગયેલી તેને લઇને પોતાના પ્રકાશમાં મોડી પણ તેની નોંધ માગશર માસના અંકમાં આપવી પડી છે, જેને માટે અમે અમારો આનંદ પ્રથમ જણાવ્યો છે. ઉપરની હકીક્ત અમોને જૈન સ્વયંસેવક મંડળ તરફથી તે વખતે મળેલી હતી. અને બંને ચર્ચાની બાબત જૈન સ્વયંસેવક મંડળના કેટલાક શખ્સોએ હેન્ડબીલ દ્વારા બહાર મુકવા માટે સાહસ કરવા માંડયું હતું, છતાં તેઓને, જેને આત્માનંદ પ્રકાશના તંત્રી તરીકે તઓ જણાવે છે, તે ગૃહસ્થે તે સ્વયંસેવકોને આવી અંગીત હકીકત બહાર નહિ મુકવા માટે રીતસર સમજાવી મુલત્વી રખાવ્યું હતું. પરંતુ જ્યારે તેઓએ જ પોતાના પોશ માસના અંકમાં "તેમની નોંધ માટે આતુરતા કેમ દેખાડવી પડી તેમ ખુલાસો માંગ્યો છે." ત્યારે આટલો ખુલાસો બ્હાર મુકવો પડયો છે.

વળી તેઓ તેમાં જણાવે છે કે "અમારો ગુણ પ્રસંશાનો સદાનો નિયમ ચાલુ જ છે" તો તે બાબતમાં પણ અમો પુછવા માગીએ છીએ કે, આ કાર્ય માટે કે સમાજના આવા દરેક કાર્ય માટે ! જો દરેક કાર્યના માટે હોય તો અઢી વર્ષ પહેલાં શ્રી જૈનહિતકર મંડળના કાર્યવાહકો અને તેના સેક્રેટરીએ જ્યારે અત્રેના સંઘનું બંધારણ રીતસર કરવા, સંઘના કાર્યની રીતસર વ્યવસ્થા કરવા, અને કામની વહેંચણી કરતાં બીજાઓ વધારે માહીતગાર થાય અને વહીવટ બહુજ સારીરીતે ચાલે તેમજ ભવિષ્યમાં ઉન્નતિ થાય તેવા હેતુથી તે વખતે તે જૈન હિતકર મંડલના કાર્યવાહકોએ ચર્ચા ઉપાડી, રીતસર વિજ્ઞપ્તિ કરી, લખીતવાર પણ વિનંતી કરી અને છેવટે પેપરમાં રીતસરની ચર્ચાઓ મુકી ( કે જે કાર્ય સમાજ સેવાના કાર્યની સુધારણા—અને ભવિષ્યમાં ઉન્નતીના માટે નું હતું )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે વખતે જ્યારે વહીવટ કરનારા (આગેવાનો) કોઇ રીતે ન સમજ્યા, બંધારણ પણ કરવા ઇચ્છા ન બતાવી ત્યારે તે અમુક આગેવાન વ્યક્તિઓ, સુધારકો અને જૈન હિતકર મંડલના કાર્યવાહકો એમની વચ્ચે ચર્ચાએ જ્યારે જોશભેર રૂપ પકડયું અને જે કાર્ય પ્રશસ્ત હૃદયથી, સ્તુત્યહેતુથી, નિસ્વાર્થ વૃત્તિથી માત્ર હૃદયમાં વધારે ઉન્નતિ સમાજની કેમ થાય તેવા હેતુથી જૈન હિતકર મંડલના કાર્યવાહકો કરતા હતા છતાં, જૈન ધર્મ પ્રકાશના તંત્રીમાં તેમના લખવા પ્રમાણે તેમનામાં ગુણ પ્રશંશાનો નીયમ સદાનો ચાલુજ હતો તો તેમણે અત્યાર સુધી તેના કાર્યની નોંધ કેમ લીધી નથી. અને તે નોંધ તે વખતના કારણોથી ન લીધી તેમ આ વખતે પણ બનેલી બે હકીકતની ચર્ચાથી જ્યારે નોંધ ન લીધી ત્યારે સખેદ સુચના થયેલી. તે વખતના જૈન હીતકર મંડળના તે વખતના કાર્યની નોંધ લીધી નથી તેટલુંજ નહિ પરંતુ તે કાર્ય જાણે કે તે પોતાની વિરૂદ્ધનું અથવા પોતાનું અંગત હોય તેમ માનીને તે વખતના પર્યુષણના એક દિવસે વ્યાખ્યાનમાં તેઓએ જૈન હિતકર મંડળના સેક્રેટરી શા. છોટાલાલ ત્રિભુવનદાસને તેમજ તેને માટે જેણે પેપરમાં નોંધ લીધી હતી, તે પેપરના એક અધિપતિને તેઓએ રોષાકુલ થઇ શું શબ્દોમાં જાહેર રીતે ઉતારી પાડયા હતા. અને તેને બીજે દિવસે—સંવત્સરીને દિવસે પોતે કાઢેલા આગલા દિવસના અયોગ્ય ઉદ્દગાર ( શબ્દો ) ખેંચી લેવા માટે ( મનશાંત માટે ) તેઓને કયા શબ્દોમાં કહેવું પડયું, તે હકીકત વધારે ખુલ્લી અત્યારે મુકવા માગતા નથી. પરંતુ આ બંને હકીકત તેઓ જણાવે છે તેમ કઇ જાતની ગુણ પ્રશંશાનો તેમનો નિયમ સદાનો ચાલુજ છે કે કેમ ? તે તો વાંચકોને સોંપીએ છીએ.

આમ જ્યાં અમુક હકીકત લેવાય અને અમુક હકીકત ન લેવાય તેવા સંયોગોમાં પોતાને ગમતી, રૂચતી, પોતાની માની લીધેલી જ હકીકત લેવાય છે તેમ તેથી બીજાઓને માનવાને અવકાશ મળે છે અને માને છે.

દુનિયામાં એકલા ગુણ પ્રશંશાનો સદાનો નિયમ ચાલુ રાખનાર મહાત્માઓને તો અમારો નમસ્કાર છે, અને ધન્યવાદ આપીએ છીએ, પરંતુ ઘણા મનુષ્યો તો ગુણ દોષ બંને જોનારા હોય છે (જોકે માત્ર એકલા દોષ જોનાર તો નિંદનીય છે) અને તેથી ઘણાંઓ ગુણ દોષ જોનારની કોટીમાં ઘણે ભાગે આવે છે. અમો પણ એ કોટીમાં છીએ. તેઓ કોઇના દોષ જોતા નથી એ ઉપર બતાવેલ શ્રી જૈનહિતકર મંડળના કાર્ય અને કાર્યવાહકો માટે પોતે તે વખતે નહીં લીધેલું તથા ઉપર બતાવેલું કાર્યજ! કહી બતાવે છે. જેથી એકલાજ ગુણ જોનાર જ તેઓશ્રી છે કે કેમ ? તે વાચકોને સોંપીએ છીએ.

જો કે શાસ્ત્રકારે તો ડીંડીમ વગાડીને સંબોધ્યું છે કે સર્વ મનુષ્ય ગુણ ગ્રાહી થાઓ! પરંતુ સંસારની પ્રવૃત્તિમાં પડેલા પૈસા, આબરૂ, સ્વાર્થની અભિલાષા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાખનારા પ્રાણીઓથી સર્વથા તેમ બનવું છદ્મસ્થપણાને લઇને અશકય છે. બાકી જેવો જ્ઞાનનો ક્ષયોપશમ તે પ્રમાણે ઓછા વધતા પ્રમાણમાં સંસારીઓ ગુણદોષ ગ્રાહી હોય છે એમ અમારૂં માનવું છે. આ લેખમાં આવેલી અમુક હકીકત પણ બ્હાર નહિ મુકવા જેવી હતી છતાં તે, તથા આત્માનંદ પ્રકાશમાં **સમયોચિત કર્ત્તવ્યના** માગશર માસના અંકના આત્માનંદ પ્રકાશના લેખ તરીકે આ લેખકે મુકેલ હકીકત તે પણ બ્હાર મુકવા જેવી નહિ છતાં ઉક્ત તંત્રી બંધુએ પોતેજ બેહુંપોડું ઉખેડી પોતે લખેલી હકીકતથી આ લેખકને પ્રેરણા કરી છે જેથી ખરી હકીકત મુકવીજ જોઇએ. અમો તો આવી હકીકતો પ્રગટ થાય તે ઇચ્છવા યોગ્ય નથી તેમ માનીએ છીએ, પરંતુ જ્યાં તેઓ પોતે એવું લખીને પ્રેરણા કરે છે ત્યાં આ લેખકને નિરૂપાયે મુકવી પડે છે. હજી પણ અમો ઉક્ત બંધુને નમ્ર સૂચના કરીએ છીએ કે, આવી હકીકતોને બ્હાર મુકાવવાની પ્રેરણા કરવા માટે કાંઇ પણ લખવું તે યોગ્ય નથી તેમજ તેનું પરિણામ પણ અમે સારૂં દેખતા નથી, જેથી વાસ્તવિક જે હકીકત જે હોય તે મુકવી અથવા તેવી હકીકત પ્રગટ ન કરવી. પરંતુ જો તેઓ કોઇપણ હકીકત સુતેલી જાગૃત કરવા માંગતા હોય તો અને તે અવાસ્તવીક હશે તો બીજાને પણ વાસ્તવિક હકીકત લખવી પડે; તો તેઓશ્રીએ તેવા સંજોગોમાં રોષાકુલ થવું કે અભાવ દેખાડવો તેમ ન કરતાં, તેવી ચર્ચાઓ ભલે ચલાવ્યા કરે એમ ખુશી થવું, અને તે રીતે તેઓશ્રીની ઇચ્છા તેવી અવાસ્તવિક હકીકતો પ્રગટ કરવાની હશે તો આ લેખકને પણ તે સાથે બીજી અનેક હકીકતો મુકવી પડશે. જે કરવું તે તેઓની ઇચ્છાને આધીન છે; પરંતુ પોતે કરેલા બચાવની સામે તે બચાવ વાસ્તવીક છે કે કેમ ! તે બતાવવા માટે તે સુજ્ઞ બંધુએ દેખાતાં સમભાવ હૃદયથી અને ગર્ભીત કટાક્ષમય લેખિનીથી લખેલ તે ચર્ચાથી જવાબ આપવા ઉત્પન્ન થયેલ તક જે આપી છે તે માટે તેઓનો ઉપકાર માની હાલ તો આટલેથી બંધ કરીયે છીયે. A.

## શા બેચરદાસ દુર્લભદાસનો સ્વર્ગવાસ.

વડોદરા નિવાસી આ ધર્મબંધુ ગયા કારતક માસમા પંચત્વ પામ્યા છે, જે માટે અમો દીલગીરી જાહેર કરીએ છીએ. તેઓ વડોદરા સ્ટેટમાં ઇજનેર ખાતામાં નોકરી કરતા હતા. પોતાના તે કાર્યમાં તેઓ કુશળ હતા જેને લઇ શ્રી છાણી ગામમાં જ્ઞાન મંદિરનું મકાન જે બંધાવવામાં આવ્યું હતું તેનો પ્લાન ( નકશો ) તેઓએ કરી આપી ખાસ તે માટે લાગણી બતાવી હતી. તેઓ સ્વભાવે સરલ મળતાવડા અને દેવગુરૂના ભકત હતા અને ધર્મ પ્રેમી પુરૂષ હતા આ સભા ઉપર તેઓ સારો પ્રેમ ધરાવતા હતા. તેઓના પવિત્ર આત્માને શાંતિ પ્રાપ્ત થાઓ. તેમ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## ભાવનગરમાં અઠ્ઠાઇ મહોત્સવ અને રચના.

આ શહેરમાં ઉપરાઉપરી આશો માસમાં મુનિરાજશ્રી ભક્તિવિજયજી મહારાજ તથા કાર્તિક માસમાં પંન્યાસ મહારાજશ્રી ચતુરવિજયજી મહારાજ તથા પં૦ મહારાજશ્રી શાંતિવિજયજી મહારાજનો સ્વર્ગવાસ થવાથી પાછળ થયેલી ટીપથી તે મહાત્માઓની ભક્તિ નિમિત્તે શહેરના મ્હોટા જિનાલયમાં અઠ્ઠાઇ મહોત્સવ અને પાવાપુરીની રચના કરવામાં આવી હતી. ધર્મગુરૂઓના સ્વર્ગવાસ પાછળ આવી જાતની ધર્મક્રિયા કરવી તે યોગ્ય હોઇને પ્રભુભક્તિ અને ગુરૂભક્તિનો લાભ એક સાથે મળે છે જે ખરેખર ઇચ્છવા યોગ્ય અને લેવા જેવું છે.

## શહેર પાલનપુરમાં એક જાહેર સભા.

ગયા માગશર વદી ૧૧ ના રોજ શેઠ ચેલાભાઇ હીરાચંદની ધર્મશાળામાં શ્રીમાન્ મુનિરાજશ્રી વલ્લભવિજયજી મહારાજશ્રીના અધ્યક્ષપણા નીચે, મહોપાધ્યાય શ્રીમાન્ વીરવિજયજી મહારાજનો સ્વર્ગવાસ થયાની દીલગીરી પ્રદર્શિત કરવા એક જાહેર સભા બોલાવવામાં આવી હતી. શરૂઆતમાં તે સંસ્થાના સેક્રેટરી શ્રીયુત મણીલાલ ખુશાલચંદે મરહુમ મહાત્માના ગુણો માટે વિવેચન કરી બતાવ્યું હતું, ત્યારબાદ ઉક્ત મહાત્માનું ટુંક જીવનચરિત્ર શ્રીમાન્ લલીતવિજયજી મહારાજે કહી સંભળાવ્યું હતું, ત્યારબાદ મુનિરાજ શ્રીમાન્ વલ્લભવિજયજી મહારાજે વિસ્તારથી જીવનચરિત્ર કહેતાં જણાવ્યું કે આ મહાત્માના ગુણોનું યથાશક્તિ અનુકરણ કરવું તેજ સાર હોવાથી તે માટે સર્વેએ લક્ષમાં રાખવા પ્રયત્ન કરવો, તે મહાત્માએ તો જોકે ખરી રીતે સંયમ સંપૂર્ણ રીતે પાળી પોતાના પવિત્ર આત્માને સફળ કર્યો છે. છેવટે ઉક્ત સભાના પ્રમુખ બાલાભાઇ ગટાભાઇએ કેટલુંક વિવેચન કર્યા બાદ આ સભા સાથે ઉક્ત સ્વર્ગવાસી મહાત્માનું નામ જોડવાની શ્રીમાન્ મુનિરાજશ્રી વલ્લભવિજયજી મહારાજની સુચના થવાથી વિદ્યોત્તેજક સભા હતું તેને બદલે હવેથી આ સભાનું **શ્રી વીર**–વિદ્યોત્તેજક સભા પાલનપુર એ રીતે રાખવામાં આવ્યું છે.

## મહામહોપાધ્યાય શ્રીમદ્ વીરવિજયજી મહારાજનો સ્વર્ગવાસ.

ઉક્ત મહાત્મા લાંબા વખત તાવની બીમારી ભોગવી ગયા માગશર વદ ૮ ના રોજ ખંભાત મુકામે અર્હંત પરમાત્માના નામસ્મરણોચ્ચાર કરતાં સ્વર્ગવાસી થયા છે. આ શોકકારક સમાચાર સાંભળી અમોને પારાવાર ખેદ થયો છે. જૈન શાસનને દીપાવનાર આ મુનિરત્નની ખોટ નહીં પુરાય તેવી છે. તેમની સરલ પ્રકૃતિ, શાંત આનંદયુક્ત માયાળુ સ્વભાવ, નિરતિચાર ચારિત્રનું પાલન, ધર્મ ઉપર અડગ શ્રદ્ધા એ દરેક ઉત્તમ ગુણો એવા હતા કે તેના તે ખેદકારક સમાચાર સાંભળી સર્વને શોક થાય તે સ્વાભાવિક છે. જૈન તો શું પરંતુ જૈનેતર કે જેના જેના પ્રસંગમાં આવતા તેઓની સાથે બહુજ ધર્મસ્નેહપણું દર્શાવતા હતા. સંગીતનું પણ જ્ઞાન ધરાવતા હોઇને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે વખતે પરમાત્માની પૂજા ભણાવતા હતા તે વખતે સર્વનું આકર્ષણ કરવા સાથે આલ્હાદ ઉત્પન્ન કરાવતા હતા. હિંદમાં ઘણે ભાગે દરેક સ્થળમાં વિહાર કરી અનેક ઉપકારો પોતાના વિહાર દરમ્યાન કરતા હતા. ચાળીશ વર્ષ પર્યંત શુદ્ધ દિક્ષાપર્યાય પાળી અનેક જીવોને ધર્મોપદેશ આપી-પમાડી મુનિધર્મ સાર્થક કર્યો હતો. અનેક મુનિગુણ અલંકૃત હોવાથી જૈન સમાજરૂપી ગગનમાં તેમના અભાવથી એક ચંદ્રનો અસ્ત થયો છે. તેઓશ્રીની માંદગીમાં તેમના શિષ્ય પંન્યાસજી શ્રી દાનવિજયજી મહારાજે અપૂર્વ વૈયાવચ્ચ-ગુરૂભક્તિ કરી છે. તેમના સ્વર્ગવાસના સમાચાર અત્રે અમોને મળતાં આ સભા તરફથી એક મીટીંગ તેઓની આ સભા ઉપરની અપૂર્વ કૃપાને લઇને દીલગીરીનો ઠરાવ પસાર કરવાને બોલાવવામાં આવી હતી. ત્યારબાદ માગશર વદી ૧૩ થી તેઓની જન્મભુમિ આ શહેરના વડવામાં હોવાથી તેઓશ્રીના ભક્તોએ અઠ્ઠાઇ મહોત્સવ જિનાલયમાં કરી દેવ-ગુરૂ ભકિત કરી હતી. અમો પણ અમારી સંપૂર્ણ દિલગીરી જાહેર કરવા સાથે તે પવિત્ર આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રાર્થના કરીયે છીયે.

## મહામહોપાધ્યાય પં૦ શ્રી પ્રેમવિજયજી મહારાજનો સ્વર્ગવાસ.

વર્તમાન સમયમાં ઉપરાઉપરી અનેક મુનિરાજોના સ્વર્ગવાસ આપણને અત્યંત ખેદ ઉત્પન્ન કરે છે. ઉક્ત મહાત્મા કે જેઓ શાંત મૂર્તિ શ્રીમાન્ વૃદ્ધિચંદ્રજી મહારાજના શિષ્ય હતા અને હાલમાં તેઓશ્રી શ્રીમાન્ વિજયનેમિજી સૂરિજી સાથે વિચરતા હતા. તેઓશ્રી માગશર શુદ ૨ ના રોજ ગુંદાજ-મારવાડમાં સ્વર્ગવાસ થયા છે. તેઓ અત્રેના મૂળ વતની હતા. તેઓ સ્વભાવે શાંત-સરલ ક્રિયાનિષ્ઠ અને ચારિત્રપાત્ર મુનિ હોઇ સાધુ વૈયાવચ્ચમાં સદા તત્પર રહેતા હતા, તેવા મુનિરત્નની પણ ખોટ પડી છે જે માટે અમો અમારી સંપૂર્ણ દિલગીરી જાહેર કરીયે છીયે, અને તેમના પવિત્ર આત્માની પરમ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રાર્થના કરીયે છીયે.

# ગ્રંથાવલોકન.

## શ્રી સંવેગ દ્રુમકન્દલી. ( મૂળ સાથે ભાષાંતર )

વૈરાગ્યનો આ સુંદર ગ્રંથ મૂળ સાથે ભાષાંતર પ્રકટ કરી **શ્રી વડોદરા શ્રીમાન્ હંસવિજયજી જૈન ફ્રી લાઇબ્રેરી** તરફથી અમોને ભેટ મળેલો છે. જૈન મહાત્માઓએ ભવ્ય પ્રાણીના ઉપકાર નિમિ-ત્તે કેવા કેવા ગ્રંથો લખી ઉપકાર કર્યો છે તે પ્રકટ થતાં આવા ગ્રંથોના અધ્યયનથી માલમ પડે છે. જૈન શાસ્ત્રોના નિરંતર અધ્યયન કરનાર પૂજ્યપાદ શ્રીમાન્ હંસવિજયજી મહારાજના વાંચવામાં આ લઘુ પરંતુ અતિ સુંદર વૈરાગ્ય ઉત્પન્ન કરાવનાર આ ગ્રંથ માલમ પડવાથી, ભવ્ય જીવોના ઉપકાર નિમિત્તે તે પ્રસિદ્ધ કરવા ઉક્ત સંસ્થાના કાર્યવાહકોને સુચના કરવાથી તે પ્રસિદ્ધ થયો છે. આ ગ્રંથમાં જૈન શાસ્ત્રકારે પરમશ્રેયને અર્થે સંવેગ માર્ગ બતાવ્યો છે, કે જે શાશ્વત સુખની પ્રાપ્તિનું અનુપમ સાધન છે; તે સંવેગ માર્ગ કર્મોથી બંધાઈ ગયેલા જીવને મોક્ષમાં પહોંચાડવા માટે એક સોપાન છે, તે સંવેગ માર્ગનું ઉત્તમ સ્વરૂપ આ ગ્રંથના કર્તા શ્રીમાન્ વિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મલાચાર્ય મહારાજે શ્રી ભર્તૃહરિ રચિત વૈરાગ્ય શતકની શૈલી કરતાં પણ વધારે ઉત્તમ રીતે રચેલું છે. ગ્રંથની શરૂઆતમાં જણાવેલું છે કે અંતઃકરણરૂપી મદોન્મત્ત હાથી ધર્મરૂપી ઉદ્યાનનો મહાન ઉચ્છેદ કરવાને પ્રવર્ત્યો તેને કબજે કરવા આ ગ્રંથમાં પચાશ શ્લોકરૂપી મજબુત કોટડીનો આરંભ કરવામાં આવે છે અને ઉન્મત્ત મનને તેમાં પુરવામાં આવે છે. શ્લોકની રચના એવી છે કે વાંચતાં વિચારતાં મનન કરતાં ઉન્મત્ત હૃદય શાંત થઇ છેવટ ઘડીભર તેમાં સંવેગવાસના ઉદ્‌ભવે છે. ઉત્કૃષ્ટ મનન કરનારને તો મોક્ષ મહેલ પણ નજીક થાય છે. આવા રહસ્યને સુચવનાર આ ગ્રંથ સર્વેને મનન કરવા લાયક છે. આવા ગ્રંથની પ્રસિદ્ધિ માટે તેની ઉત્તમ શૈલી માટે અમારો આનંદ જાહેર કરીયે છીયે. ગ્રંથમાં ગુરૂભક્તિ નિમિતે **શ્રી હંસમુનિ ગુણપંચક** શરૂઆતમાં દાખલ કરી તેમજ ઉંચા આર્ટપેપર અને ઉત્તમ ટાઇપથી છપાવી ગ્રંથની સુંદરતામાં વધારો કર્યો છે. જે ખુશી થવા જેવું છે. આ ગ્રંથની બહોળ કોપી આ સભાના લાઇફ મેમ્બરોને ભેટ આપવા માટે બતાવેલ ઉદારતા માટે ઉપકાર માનતાં ઉક્ત સંસ્થાની અભિવૃદ્ધિ ઇચ્છીયે છીયે.

## " શ્રી બ્રહ્મચર્ય દિગદર્શન "

આ બુક શ્રી યશોવિજયજી ગ્રંથમાળા ભાવનગર તરફથી અમોને ભેટ મળેલી છે. તેના કર્ત્તા શ્રીમાન્ વિજયધર્મસૂરિજી છે, જેમાં બ્રહ્મચર્યને લગતી ઘણી હકીકત વિષેનો નિબંધ છે જે ખરેખર વાંચવા લાયક છે. તે બંધુ પોપટલાલ ધારશી જામનગર વાળાએ પોતાના સ્વર્ગવાસી માતુશ્રીના સ્મરણાર્થે ભેટ આપવા છપાવવા માટે આર્થીક સહાય આપેલી છે. મળેલ લક્ષ્મીનું સાર્થક કરનાર ઉક્ત બંધુ પોપટલાલભાઇનું આ કાર્ય પ્રસંશનીય અને પોતાની માતુશ્રીનું ભક્તિનું એક સુચિન્હ છે.

**શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિ પૂજક બોર્ડીંગ હાઉસ લીંબડીનો** પ્રથમ વર્ષનો રીપોર્ટ અમોને ભેટ મળેલો છે. કેળવણીની પ્રાપ્તિ અને તેની અનુકુળતા તથા સાધન માટે આ જમાનામાં દરેક સ્થળે બોર્ડીંગોની જરૂરીયાત હોઇ તે આ શહેર માટે ખોલવામાં આવ્યું છે જે આવકાર દાયક છે. ઝાલાવાડ પ્રાંતમાં આ પ્રથમ હોવાથી તેવો લાભ આખા પ્રાંતમાં વિદ્યાર્થી લઈ શકે તે બનવા જોગ છે. લીંબડીના નામદાર ઠાકોર સાહેબે પોતાના રાજ્યમાં પ્રાથમિક કેળવણી મફત અને ફરજીઆત કરેલી હોવાથી તેમજ હાઇસ્કુલની હસ્તી અને તેની કેળવણી પણ મફત કરેલી હોવાથી આ જૈન બોર્ડીંગ આખા ઝાલાવાડ પ્રાંત માટે વધારે ઉપયોગી થઇ પડે તેમ છે. વળી બોર્ડીંગની સ્થાપના સાથે આ બોર્ડીંગના ફ્રી વિદ્યાર્થીઓને હાઇસ્કુલમાં પણ ફ્રી દાખલ કરવાની રાજ્યે બતાવેલ ઉદારતા બોર્ડીંગને એક પ્રકારની સહાય મળેલી હોવાથી ખુશી થવા જેવું છે. એક વર્ષના આ રીપોર્ટ જોતાં તેના કાર્યવાહકોએ ફંડ માટે સારો પ્રયાસ કરેલો જણાય છે, હવે તેને માટે એક સારી રકમની જરૂર છે, તેમજ એક કેળવાયેલ આત્મભોગ આપનાર સારા વર્તનવાળા શાંત હૃદયના એક સારા સુપ્રીન્ટેન્ડન્ટની ખાસ જરૂર છે કે આવી બોર્ડીંગોમાં ઘણો ખરો આધાર તે ઉપર રહે છે. આ સંસ્થાના ધારા ધોરણ એકંદરે ઠીક છે. વિદ્યાર્થીઓની સંખ્યા પણ એકત્રીશ છે તે પણ પ્રથમ વર્ષ માટે ઠીક છે. અમો તેની ઉન્નતિ ઇચ્છીએ છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શેઠ કસ્તુરભાઇ કુશળચંદનો સ્વર્ગવાસ.

આ સભાના ધર્મનિષ્ઠ સભાસદ અને જામનગર નિવાસી આ બંધુ માગશર શુદ ૧૫ના રોજ અચાનક મુંબઇમાં પંચત્વ પામ્યા છે. તેઓ વયોવૃદ્ધ સ્વભાવે શાંત સરલ અને મળતાવડા ધર્મપ્રેમી પુરૂષ હતા. આ સભા ઉપર તેઓ અત્યંત પ્રેમ ધરાવતા હતા. તેમના સ્વર્ગવાસથી આ સભાને એક લાયક ધર્મરત્ન સભાસદની ખોટ પડી છે. તેઓના આત્માને શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીયે છીએ.

## પુસ્તક પહોંચ.

| | |
|---|---|
| ૧ શ્રી જ્ઞાનવિમલસૂરિચરિત્રમ્. | શેઠ મનસુખભાઇ ભગુભાઇ તરફથી. અમદાવાદ. |
| ૨ શ્રી શ્રમણસૂત્ર. | ,, ,, |
| ૩ શ્રી જૈન સ્તોત્ર રત્નાવલી. | ,, ,, |
| ૪ સાધુવંદના રાસ. | ,, ,, |
| ૫ પ્રાચિન જિનસ્તવન સંગ્રહ. | ,, ,, |
| ૬ શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર ગીતાની. | ,, ,, |
| ૭ શ્રી જૈન દેશના સંગ્રહ. | શેઠ હીરાચંદ કક્કલભાઇ—અમદાવાદ. |
| ૮ પરિશિષ્ટ પર્વ ભાગ ૨ જો હીંદી. | શ્રી આત્મતિલક ગ્રંથ સોસાઇટી—અમદાવાદ. |
| ૯ ધનપાલ ચરિત. | શ્રી આત્માનંદ જૈન ટ્રેક્ટ સોસાઇટી—અંબાલાસીટી. |
| ૧૦ આદર્શ સાધુ. | શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા ઓ.—ભાવનગર. |
| ૧૧ બ્રહ્મચર્ય દિગ્દર્શન. | ,, ,, |
| ૧૨ આત્મોન્નતિ દિગ્દર્શન. | ,, ,, |

## શહેર વરતેજમાં અઠ્ઠાઇ મહોત્સવ.

મહામહોપાધ્યાય શ્રીમદ્ વીરવિજયજી મહારાજનો સ્વર્ગવાસ થવાથી તેમની ગુરૂભક્તિ નિમિત્તે ઉક્ત ગામમાં ભાવસાર ગાંડાલાલ માનસંગ અને બીજાઓએ મળી અઠ્ઠાઇ મહોત્સવ પોશ શુદ ૭ થી શરૂ કર્યો હતો. દરરોજ પૂજા, આંગી ભાવના વગેરેથી તેઓએ ગુરૂભક્તિ દર્શાવી હતી.

**આ સાથે ભેટ આપવામાં આવેલા શાહ ભીમશી માણેક જૈન બુકસેલરનાં જૈન પંચાંગ ઉપર ખાસ વાચક વર્ગનું ધ્યાન ખેંચીએ છીએ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી ગુરૂગુણમાળા યાને ( ગુરૂગુણ છત્રીશી ).

## ( મૂળ સાથે ભાષાંતર. )

( અનુવાદક શ્રીમાન્ કર્પૂરવિજયજી મહારાજ. )

પ્રાતઃસ્મરણીય શ્રી નવકારમંત્રના ત્રીજા પદ શ્રી આચાર્ય ભગવાનના છત્રીશ ગુણો શાસ્ત્રકારે કહ્યાં છે, તે સાથે તેવીજ છત્રીશ છત્રીશી એટલે ૧૨૯૬ ગુણો આચાર્ય મહારાજના છે, તેમ પણ કહેલ છે; તે ગુણો એવા તો અલૌકિક છે કે જે વાંચતાં આચાર્યપદના સ્વરૂપનું જાણુ થવા સાથે આત્માને અધ્યાત્મિક આનંદ પ્રાપ્ત થાય છે, બાળજીવોના ઉપકાર નિમિત્તે કરેલી શ્રી પૂર્વાચાર્યની આ કૃતિ અલ્પજ્ઞ સમજી શકે તે માટે ભાષાંતર પણ સાથે આપવામાં આવ્યું છે. ભાષાંતર પણ સરલ અને શુદ્ધ શ્રીમાન્ કર્પૂરવિજયજી મહારાજે કરેલું છે જે ગ્રંથ હાલમાં અમારા તરફથી પ્રસિદ્ધ થયો છે. જે ખાસ વાંચન અને મનન કરવા યોગ્ય છે. કિંમત માત્ર મુદ્દલ રૂા. ૦–૬–૦ રાખવામાં આવી છે. પોસ્ટેજ જુદું અમારે ત્યાંથી મળશે.

---

# " શ્રી નયોપદેશ ગ્રંથ. "

ઉપરનો ગ્રંથ અમારા તરફથી ( ન્યાયનો સંસ્કૃત ગ્રંથ ) મુનિમહારાજા તથા જ્ઞાન ભંડારોને આ સભાના ધારા મુજબ આપવા માટે પરમપૂજ્ય પ્રાતઃસ્મરણીય આચાર્ય શ્રીમાન્ વિજયકમલસૂરીશ્વરજી મ૦ ના શિષ્ય શ્રી વ્યાખ્યાનવાચસ્પતિ મુનિરાજ શ્રી લબ્ધિવિજયજી મ૦ ના સદુપદેશથી ઉજમણા નિમિત્તે માણસા નિવાસી શેઠ દોલતરામ વેણીચંદના સુપુત્ર શા. સરૂપચંદભાઇની આર્થિક સહાય વડે આ સભા તરફથી છપાય છે જે તૈયાર થયે ઉપર જણાવ્યા પ્રમાણે ભેટ આપવામાં આવશે.

---

## શ્રીસુસઢ ચરિત્ર (સંસ્કૃત.)

ઉપરનો સંસ્કૃત પરંતુ સરલ અને ચરિત્રનો ગ્રંથ હાલમાં અમારા તરફથી પ્રસિદ્ધ થયો છે. સંસ્કૃતના અભ્યાસ માટે તે ઉપયોગી છે. કથા પણ રસિક છે. જેવે તેઓએ અમારી પાસેથી મંગાવવો. કિંમત મુદ્દલ ઓછી રાખવામાં આવી છે કિંમત માત્ર બે આના પોસ્ટેજ જુદું.

---

# નવા આગમો છપાવવાની થયેલી યોજના.

૧ શ્રી નંદીસૂત્ર–શ્રીહરિભદ્રસૂરિકૃત ટીકા સાથે–બુહારીવાળા શેઠ મોતીચંદ સુરચંદ તરફથી.

૨ શ્રી અનુત્તરોવવાઇ સૂત્ર—શા. કચરાભાઇ નેમચંદ ખંભાતવાળા તરફથી.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


(ગુર્જર ભાષાંતર) **શ્રીભગવતી સૂત્ર.** (પ્રથમગુચ્છ)

**કિંમત રૂા. ૨-૮-૦ ટપાલખર્ચ જુદું.**

શ્રી જૈનધર્મનું ખરૂં જીવન સર્વજ્ઞ પ્રણીત સૂત્રો છે. આ ભારતવર્ષ ઉપર વિજયધ્વજ ફરકાવનાર આખા જૈન ધર્મની ઇમારત સૂત્રોના પાયા ઉપર જ રચાણી છે. ભગવાન્ શ્રી જિનપ્રભુની નીતિમય અને પવિત્ર આજ્ઞાઓ, ઉંડા રહસ્યો અને સૂક્ષ્મ તત્ત્વજ્ઞાન જાણવાના મુખ્ય સાધન તેમના પવિત્ર સૂત્રોજ છે. ભગવાન્ શ્રી મહાવીરપ્રભુની વાણીની એક અક્ષર માત્રથી અનેક અમૂલ્ય શિક્ષાઓના પ્રવાહો એ સૂત્રોમાંથી છુટે છે. સાંપ્રતકાલે જૈનોના પીસ્તાલીશ આગમો કહેવાય તેની અંદર આ પાંચમાં અંગરૂપે **ભગવતી સૂત્ર**ની એક મહાન્ આગમ તરીકેની ગણના થાય છે. આ મહાન્ સૂત્રમાં સ્થળે સ્થળે ઉત્તમ તત્ત્વજ્ઞાન ધર્મોપદેશ અને અધ્યાત્મ વિદ્યાના મૂળ તત્ત્વોનું યથાર્થ પ્રતિપાદન કરેલું છે. મનુષ્ય જન્મમાં આવશ્ય, પ્રાપ્તવ્ય અને જ્ઞાતવ્ય શી વસ્તુ છે તેનો બોધ કરનાર આ એક સર્વોત્તમ ગ્રંથ ગણાયો છે. પૂર્વાચાર્યોના કેટલાએક લેખોમાં કહ્યું છે કે, શ્રી મહાવીરપ્રભુ અને ગૌતમસ્વામીના પ્રશ્નોત્તરરૂપે ગ્રંથિત કરેલા ભગવતીસૂત્રમાંથી કર્મપ્રકૃતિના સ્વરૂપ, તાત્ત્વિક સિદ્ધાંતો, આચારધર્મો અને વિવિધ રહસ્યના બોધો મળી શકે છે; તેથી આ મહાન્ ગ્રંથ સંસારસાગરથી તરવાને ઉત્તમ નૌકારૂપ, જૈન સંવેગી મહાત્માઓને વિશ્રાંતિને માટે માનસરોવરરૂપ, અખંડ આત્મિક આનંદનો અનુભવ કરવાને કલ્પવૃક્ષરૂપ અને અનાદિકાળના અજ્ઞાનરૂપ ગજેન્દ્રને દૂર કરવામાં કેસરીસિંહરૂપ કહેવાય છે. આ પ્રથમ શતકના પહેલા ઉદ્દેશમાં કર્મના ચલનનો વિષય આવે છે તેની અંદર તે વિષે નવ પ્રશ્નો કરવામાં આવ્યા છે. બીજો ઉદ્દેશ દુઃખ વિષયનો છે, જેમાં જીવે પોતે કરેલા દુઃખને વેદના સંબંધી પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે. ત્રીજો ઉદ્દેશ કાંક્ષા પ્રદેશનો છે; જેમાં જીવે કરેલાં કાંક્ષામોહનીય કર્મના પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે. ચોથો પ્રકૃતિનો ઉદ્દેશ છે; જેમાં કર્મની પ્રકૃતિ–ભેદના પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે. પાંચમો ઉદ્દેશ પૃથ્વી સંબંધી છે, જેમાં "પૃથ્વીઓ કેટલી છે?" એ પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે. છઠ્ઠો યાવત્ ઉદ્દેશ છે, તેની અંદર કેટલા અવકાશને અંતરે સૂર્ય રહેલો છે, તે સંબંધી નિર્ણય કરવામાં આવ્યો છે. સાતમા નૈરયિક ઉદ્દેશમાં નરકને વિષે ઉત્પન્ન થતાં નારકી સંબંધી નિર્ણય કરવામાં આવ્યો છે. આઠમા બાલ નામના ઉદ્દેશમાં "મનુષ્ય એકાંત બાલક છે કે કેમ?" એ પ્રશ્નનું નિરાકરણ કરવામાં આવ્યું છે. નવમા ગુરૂત્વના ઉદ્દેશમાં "જીવો કેવી રીતે ગુરૂત્વ–ભારેપણાને પામે છે?" ઇત્યાદિ પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે અને દશમા ચલનાદિ ઉદ્દેશોમાં ચાલતું છે, તે અચાલિત છે. ચાલતું નથી. ઇત્યાદિ પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે.

**પુરૂષોત્તમ ગીગાભાઈ શાહ ભાવનગર.**


Registered No. B. 431

For Private And Personal Use Only